Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्धं सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवान्ति॥१॥

पु. १४. } वीर संवत् २४४३ मार्गशिर्ष. आत्म सं. २१. } अंक ५ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પ્રભુ સ્તુતિ. ... | ૧૦૭ | ૬ | જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૧૨૩ |
| ૨ | શ્રી ગુરૂ સ્તુતિ.... ... | ૧૦૭ | ૭ | વર્ત્તમાન સમાચાર. ... ... | ૧૨૬ |
| ૩ | વિચારનું સામર્થ્ય. ... | ૧૦૮ | ૮ | વિજ્ઞપ્તિ ત્રિવેણિ ગ્રંથ માટે અભિપ્રાયો. ... ... ... ... | ૧૨૯ |
| ૪ | શ્રી વીતરાગ સ્તુતિ. ... | ૧૧૪ | | | |
| ૫ | કર્મ મિમાંસા.... ... | ૧૧૫ | ૯ | ગ્રંથાવલોકન. ... ... ... | ૧૩૦ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઘણીજ થોડીક નકલો બાકી છે.

તૈયાર છે! જલદી મંગાવો. તૈયાર છે!

## विज्ञप्ति त्रिवेणि.

( સંસ્કૃત ગ્રંથ )

( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ. )

આ અપૂર્વ ગ્રંથ **જૈન ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈનસાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઇતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃત્તાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે તે આ ગ્રંથનું અવલોકન કરે માલમ પડે તેવું છે.

આ ગ્રંથના સંપાદક શ્રીમાન્મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર ઉક્ત મહાત્માએ સારૂં અજવાળું પાડેલું છે. કિંમત. (કપડાનું પુઠું) રૂા. ૧-૮-૦ (સાદુબાઈડીંગ) રૂા. ૦-૧૪-૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.


---

## आ मासमां नवा दाखल थयेला मानवंता सभासदो.

| | | | | |
|---|---|---|---|---|
| १ | ला. | दोलतरामजी एन्ड मुनीलालजी | हुशियारपुर | पे. व. ला. मेम्बर. |
| २ | ,, | गंगारामजी बनारसीदास | अंबाला | ,, |
| ३ | ,, | जगतुमल सदासुखदास | ,, | ,, |
| ४ | ,, | नरसिंगदास बुट्टामलजी | गुजरानवाला | ,, |
| ५ | ,, | भोळेशाह लाभचंदजी | ,, | ,, |
| ६ | ,, | चेतरामजी गोकळचंदजी | ,, | ,, |
| ७ | ,, | हीरालालजी माणेकचंदजी | लाहोर | ,, |
| ८ | ,, | बेलीशाह गोपाळचंदजी | शियालकोट | ,, |
| ९ | ,, | नानकचंदजी हीरालालजी | गुजरानवाला | ,, |
| १० | ,, | सुंदरमलजी वसाखीरामजी | हुंशियारपुर | ,, |
| ११ | ,, | फग्गुमल दोलतरामजी | अंबाला | ,, |
| १२ | ,, | मुनशीराम कीशनचंदजी | माजापट्टी | ,, |
| १३ | ,, | चंदनमलजी रतनचंदजी | अंबाला | ,, |
| १४ | ,, | रामसरणदास राधामल | ,, | ,, |
| १५ | ,, | महाराजमल रामचंदजी | अमृतसर | बी. व. ला. मेम्बर. |
| १६ | ,, | श्यामलाल गजानन | सरसा | ,, |
| १७ | ,, | सांइदास पुरणचंदजी | जंबु | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, मार्गशीर्ष आत्म संवत् २१. [ अंक ५ मो.

## प्रभु स्तुति.

### સ્રગ્ધરા.

સાધો શ્રીધર્મ સર્વે સમકિત ગુણુથી અર્થ પામો ઉમંગે,
કામો પામો [1]અકામી [2]સુખદ પછી રહો [3]અંત્ય નિર્વાણસંગે;
એ ચારે [4]પૌરૂષાર્થો પ્રકટિત કરતી વીરની ભાવના જે,
હો જો નિત્યે અમારે અતુલ [5]વિજયદા સાધને સર્વદા તે. ૧

---

## गुरु स्तुति.

### ઉપજાતિ.

કલ્યાણના સાધન સર્વ આપે,અકાર્ય ને દોષ બધા ઉથાપે;
સન્માર્ગના જે કરતા સુધારા, પામો જયશ્રી ગુરૂઓ અમારા. ૨

---

૧ નિષ્કામ—આસક્તિ રહિત. ૨ સુખદ—સુખ આપનારા. ૩ અંત્ય—છેવટે. ૪ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરૂષાર્થ. ૫ ઘણાં વિજયને આપનારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિચારનું સામર્થ્ય.

( લેખક-જગજીવન માવજી કપાસી—ચુડા. )

માનવ શરીર એ આત્માની સર્વોત્તમ શક્તિઓને ખીલવવાનું પરમ સાધન હોવાથી આત્માની જે જે સર્વોત્કૃષ્ટ શક્તિઓ છે, તે સર્વને પ્રયત્ન કરવાથી મનુષ્ય માત્ર કેળવીને ઉપયોગમાં લઇ શકે છે. પ્રત્યેક મનુષ્યમાં એક એવા પ્રકારનું સામર્થ્ય રહેલું છે કે જે સામર્થ્યની સહાયતાથી મનુષ્ય ગમે તે પ્રકારની ઇષ્ટ વસ્તુને તુરતમાં પ્રાપ્ત કરી શકે છે. આ ઉચ્ચ સામર્થ્ય મારામાં છે અને તમારામાં નથી, એવું કાંઇ નથી. પ્રત્યેક મનુષ્ય-સ્ત્રી, પુરૂષ, આબાલ વૃદ્ધ સર્વમાં તે સામર્થ્ય વસી રહેલું છે. જે મહાપુરૂષોએ આ સામર્થ્યને પોતાના અધિકારમાં લઇ તેનો યથેષ્ટ ઉપયોગ કર્યો છે, તેઓ ઇચ્છિત પદાર્થને સહજ માત્રમાં પ્રાપ્ત કરી શકયા છે. અને હજી પણ જેઓ તે પ્રમાણે કરવાને પ્રયત્ન કરશે, તેઓ ઇષ્ટ હેતુને તુરત સફલ કરવા શક્તિમાન થશે. મનુષ્ય માત્રમાં અવર્ણનિય સામર્થ્ય રહેલું છે, તેમનામાં અગાધ શક્તિઓ રહેલી છે અને વિશેષમાં તેઓ મનુષ્ય મટી દેવ અરે દેવાધિદેવ થવાને લાયક છે; એમ "આત્માનંદ પ્રકાશ" ના સહવાસીઓને સુવિદિત છે અને વસ્તુતઃ એ સત્ય પણ છે; તેમ છતાં માનવસમાજ પ્રતિ આપણે દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણને સખેદ આશ્ચર્ય થશે કે સર્વશક્ત અને સર્વોત્તમ મનુષ્યવર્ગની કેટલી બધી શોચનિય દશા થઇ પડેલી છે. જીવનથી કંટાળી ગયલા, નિરાશ થયલા, ઉદાસ અને ચેતનહીન જણાતાં શું પેલા મનુષ્યો જ છે? કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અસૂયા આદિ દુર્ગુણોના ઉપાસક શું પેલા કહેવાતા સર્વોત્તમ મનુષ્યો જ છે? શારિરીક અને માનસિક એવાં અનેક વ્યાધિઓથી પીડાતાં શું પેલા સર્વશક્ત કહેવાતાં મનુષ્યો જ છે કે? અને સુખને પ્રાપ્ત કરવા માટે જીવતોડ પ્રયત્ન કરતાં પણ પેલા મનુષ્યો જ છે કે? હા, ભાઇ, તેઓ મનુષ્યો જ-સર્વોત્તમ-સર્વશક્ત મનુષ્યો જ છે. મનુષ્યમાં ગમે તેવી અને ગમે તેટલી ઉચ્ચ શક્તિઓ રહેલી હોય; પણ જ્યાંસુધી તેનો સદ્‌ઉપયોગ કરવામાં ન આવે, ત્યાંસુધી કદિ પણ ઇષ્ટ હેતુને સફળ કરી શકાય નહિ. માનવસમાજ પોતાના અપૂર્વ સામર્થ્યને વિસરી જવાથી જ તેની અવનતિ થઇ છે. સામર્થ્યના વિસ્મરણથી શું અને કેવા પ્રકારની અવનત દશા થઇ, તેનો વિચાર કરીએ તો આપણને સ્પષ્ટ સમજાશે કે આર્યોએ પવિત્ર માનેલા ગૃહસંસારમાં ઘણે સ્થળે પતિ-પત્ની વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, ભાઇ-બ્હેન વચ્ચે અને સાસુ-વહૂ વચ્ચે અપ્રીતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના બીજ વાવેલાં જોવામાં આવશે; સંસારનો ત્યાગ કરી થઈ ગયલા વૈરાગીઓમાં એક બીજાથી મોટા કહેવરાવવાની અને શિષ્યો વધારવાની ઉગ્ર લાલસાથી તેઓ વચ્ચે પણ કલેષ પ્રસરાયલો જોવામાં આવશે; વ્યાપારના સ્થળ બજારમાં જૂઓ તો વ્યાપારી વર્ગમાં ભાગ્યેજ સંપ હશે; કોન્ગ્રેસો, કોન્ફરન્સો, મંડલો, સમાજો અને જ્ઞાતિબંધનોના જૂદા મતો, જૂદા વિચારો માલુમ પડે છે. ઉચ્ચ આચાર અને વિચારનું જાણે અસ્તિત્ત્વજ ન હોય, એમ જણાય છે. જીવનની આવી નિરૂપયોગી દોડધામ અને અન્ય જીવોના અકલ્યાણના વિચારથી માનવસમાજનું અધઃપતન થયું છે—સામર્થ્યનો આવી રીતે દુરૂપયોગ થવાથી માનવસમાજની અવનતિ થઇ છે. આપણામાં શું સામર્થ્ય રહેલું છે અને તેને કેળવીને કેવી રીતે ઉપયોગમાં લઇ શકાય તે વિષે વિચાર કરીએ અને ઉન્નત દશાને પ્રાપ્ત કરવા શક્તિમાન થઇએ.

તમે વારંવાર પરમાત્મા, પરમેશ્વર, ઇશ્વર, ભગવાન આદિ શબ્દોનો ઉચ્ચાર કરો છો, પણ વસ્તુતઃ પરમાત્મા, પરમેશ્વર, ઇશ્વર કે ભગવાન એ શું છે, તેનો તમે કદિ વિચાર કર્યો છે ખરો? પરમાત્મા, પરમેશ્વર વિગેરે જે કહો તો તે તમારા માનવ શરીરમાં રહેલા આત્માના જૂદા જૂદા નામ માત્ર છે. આ આત્મા સર્વ સામર્થ્ય, સર્વ સુખ, સર્વ જ્ઞાન અને સર્વ વૈભવનો અનંત મહાસાગર છે. તીર્થંકરો, સિદ્ધભગવાનો અને કેવલજ્ઞાનીઓએ આ આત્મામાંથીજ અખંડ અને અવિનાશી સુખનો અનુભવ કર્યો છે અને હજીપણ કરે છે. આ જગતમાં જે જે સામર્થ્યવાન, અપૂર્વ સુખી અને વૈભવશાલી પુરૂષો થઇ ગયા છે, તેમણે પણ આત્મામાંથીજ પોતાના ઇચ્છીત પદાર્થોને પ્રાપ્ત કર્યા છે. જેમ જ્ઞાનને ઇચ્છનારો ગુરૂ પાસે જાય છે, ચોખ્ખી અને તાજી હવાને ઇચ્છનારો તેવાં સ્થળમાં જાય છે, ગરમીને ઇચ્છનારો ગરમ પદાર્થોનું સેવન કરે છે અને ક્ષુધાતુર ભોજનગૃહ પ્રતિ જાય છે; તેમ આપણે કે જેને જ્ઞાન, સુખ, વૈભવ, સામર્થ્ય આદિ સર્વોત્તમ વસ્તુઓ જોઇએ છીએ, તેમને આ સર્વ વસ્તુઓ જેમાં ભરેલી છે, તે આત્મા પ્રતિ જવાની જરૂર છે. કોઈ એમ પ્રશ્ન કરે કે અમે સર્વ એકત્ર થઇ એકજ સમયે આત્મામાંથી ઇષ્ટ પદાર્થોને પ્રાપ્ત કરવા માગીએ તો શું મળી શકશે? હા, બંધુઓ, આત્મામાં એ સર્વ વસ્તુઓ એટલા મોટા પ્રમાણમાં રહેલી છે કે યુગોના યુગો તેનો ઉપયોગ કરવામાં આવે તો પણ ખુટે કે રંચમાત્ર ઓછી થાય તેમ નથી. તમે અમને આત્મા પ્રતિ જવાનું આગ્રહપૂર્વક કહો છો, એ ખરૂં; પણ અમારે આત્માને કયાં શોધવો? શું તેને માટે અમારે જંગલમાં કે પર્વત ઉપર જવું પડશે? અને જો નજ જવું પડે તો અમારે અમારો સાક્ષાત્કાર કેવી રીતે કરવો, એ વિષે કાંઇ સલાહ આપો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો ખરા ? ભાઇ ધીરજ ધરો, અથેતિ આ લેખને એક વખત મનનપૂર્વક વાંચી જુઓ અને પછી આવાં નિરૂપયોગી પ્રશ્નો પૂછવાની તમારે અગત્ય રહેશે નહિ.

આત્માનો સાક્ષાત્કાર કરવા માટે મનનો જય કરી વિચારના સામર્થ્યને પ્રાપ્ત કરવાની પ્રથમ અગત્ય છે. વિચારનું અવર્ણનીય સામર્થ્ય છે. વાયુના, આકાશના, અગ્નિના અને વિદ્યુતના જે પરમાણુઓ છે અને તેમાં જે સામર્થ્ય રહેલું છે, તેના કરતાં પણ વિચારનું સામર્થ્ય અત્યંત અધિક છે, અને તેથી કરી ઇતર સર્વ પરમાણુઓ ઉપર તે સામ્રાજ્ય ભોગવે છે. એક માણસ ખુરશી ઉપર બેસી લખતાં લખતાં મરી ગયો, એક માણસ આરામ ખુરશી ઉપર પડી વાંચતાં વાંચતાં મરી ગયો, એક માણસ બગાસું ખાતાં મરી ગયો અને એક માણસ માત્ર એકજ રાત્રીમાં તદ્દન બદલાઇ ગયો; આવાં આવાં અનેક ઉદાહરણો આપણે જે સાંભળીએ છીએ તેમાં પણ વિચાર શક્તિનું પ્રાધાન્ય છે. વિચાર માત્ર આત્મપ્રદેશમાં ઉદ્દભવે છે એટલે કે પ્રત્યેક વિચારનો પ્રેરક આત્મા છે; તેથી આત્મામાં જે અનંત સામર્થ્ય રહેલું છે તેજ વિચારમાં કાર્ય કરતું હોય છે. આત્માની સર્વ શક્તિઓ શરીરમાં રહેલાં માનસપ્રદેશમાં ઉદ્દભવે છે અને વિચાર કરવો એ મનનો ધર્મ છે; તેથી આત્માના સામર્થ્ય વડેજ વિચારથી ઇચ્છાનુકૂળ ફલ પ્રાપ્તિ થાય છે. મન જ્યારે આપણાં અધિકારમાં હોતું નથી, ત્યારે ગમે તેવા અશુભ વિચારો ઉપજી આપણું અહિત થાય છે. હું દુ:ખી છું, હું રોગી છું, હું ભાગ્યહીન છું, હું ચિંતાતુર છું, આદિ શોકના વિચારો જો તમે કરશો તો થોડા સમયમાં તમે તમારા વિચારો પ્રમાણે ફલને અનુભવશો. કહેવાનું તાત્પર્ય એ છે કે તમે જેવા જેવા વિચારોનું સેવન કરશો, તેવું ફલ તમને અવશ્ય મળશે. જો તમે દુ:ખી હો, રોગી હો, ચિંતાતુર હો, તો અન્યને દોષ આપશો નહિ. કારણ કે દુ:ખ રોગ અને ચિંતાને તેવા પ્રકારના વિચારને ઉત્પન કરીને તમે તેવી સ્થિતિમાં મૂકાયલા છો. દીપક ઉપર તમે જેવા રંગનો કાચ ઢાંકશો તેવા રંગનો પ્રકાશ પડશે, તેમ જેવા વિચાર કરશો તેવા તમે થશો.

મનનો જય થતાં અનુકૂળ અને શુભ વિચારોને પ્રગટાવવાનું સામર્થ્ય આપણામાં આવે છે અને વિચાર શકિતમાં જે અગાધ સામર્થ્ય રહેલું છે, તેનો જો ખરી રીતે ઉપયોગ કરવામાં આવે તો લાભ થાય છે અને ખોટી રીતે કરવામાં આવે તો હાનિ થાય છે. આ નિયમ વરાળ, વિજળી આદિ શકિતઓમાં પણ રહેલો છે, એમ આપણે જાણીએ છીએ. જેમ વરાળ અને વિજળીનો દુરૂપયોગ થતાં નુકશાન થાય છે, તેમ અશુભ વિચારો કરી એ સામર્થ્યનો દુરૂપયોગ કરવાથી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુકશાનજ થાય છે. વિચાર કરવો એ આત્માની એક શકિત છે. આત્મા પોતે અસીમ સામર્થ્યનો મહોદધિ છે, ત્યારે વિચારમાં પણ એટલુંજ સામર્થ્ય હોય એ સ્વાભાવિક અને પ્રકૃતિ સિદ્ધ છે.

જગતમાં સારા અને ખરાબ જે જે બનાવો બને છે, એ સર્વનું મૂલ કારણ વિચાર છે. આ ઉપરથી વિચારશકિતનું જ્ઞાન સંપાદન કરવું, એ કેટલું જરૂરનું છે, તે તમને હવે સમજાયું હશે. લડાઈ, પ્લેગ, દુષ્કાળ આદિ પ્રજાકીય દુઃખો પણ પ્રજાથી સેવાતાં દુષ્ટ વિચારોનું ફલ છે. પ્રજામાં જ્યારે વિચારોની અને તદનુસાર કાર્યોની અધમતા થાય છે, ત્યારે એ અનીચ્છવા યોગ્ય બનાવો બને છે. જે વિચારો આજે તમારા મનમાં રમ્યા કરતાં હોય છે, તેનું તમે વારંવાર સ્મરણ કર્યા કરો તો સમય જતાં તે અવશ્ય પ્રત્યક્ષ સ્વરૂપ થાય છે. દરેક કાર્યની શરૂઆત વિચારથીજ થાય છે. લેખક, શોધક, કારીગર વિગેરે સર્વ પ્રથમ પોતાના માનસપ્રદેશમાં કાર્યનો વિચાર સંપૂર્ણ કર્યા પછીજ કાર્યની શરૂઆત કરે છે અને તેઓના વિચારાનુસાર સારૂં અથવા ખરાબ ફલ મળે છે. શુભ વિચારોનું શુભ અને અશુભ વિચારોનું અશુભ પરિણામ આવે છે, એ નિઃસંશય વાત છે. જ્યાં ભય, ચિંતા શંકા વિગેરે રહેલાં છે, ત્યાં શ્રદ્ધાની ખામી છે. આ ચિંતા, ભય, શંકા વિગેરે સ્વાર્થપરાયણતાના વિચારો છે અને તે અશુભ વિચારો છે. આવા પ્રકારનાં વિચારો સેવવાં, એ વિચારના સામર્થ્યની અને આત્મતત્ત્વની અવગણના કરવા બરોબર છે. આવી વિચાર સ્થિતિવાળાં મનુષ્યોના સફલ મનોરથ થઈ શકતાં નથી. તમે શુભ વિચાર કરો તો તમારૂં કાર્ય શુભ થશે, અને અશુભ વિચાર કરો તો તમારૂં કાર્ય અશુભ થશે. અશુભમાંથી શુભ કદિ પણ ઉદ્ભવતું નથી. અશુભ વિચારો ઉપર વિજય મેળવવો, એ વિચાર શક્તિને અનુભવવાનો માર્ગ છે. અશુભ વિચારને ત્યજી શુભ વિચારોનું સેવન કરવું, એ પ્રત્યેક મનુષ્યની અનિવાર્ય ફરજ છે. અશુભ વિચાર સેવનાર મનુષ્યની સ્થિતિ વિષે એક અંગ્રેજ માનસશાસ્ત્ર અભ્યાસી વિદ્વાન નીચે મુજબ લખે છે:—

" The wrong-thinker is known by his vices. Troubles and unrest assail the mind of the wrong-thinker, and he experiences no abiding repose. He imagines that others can injure, snub, cheat, degrade and ruin him. Knowing nothing of the protection of virtue, he seeks the protection of self and takes refuge in suspicion, spite, resentment, and retaliation, and is burnt in the fire of his own vices.——Having no insight, and unable to

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



distinguish evil from good, he cannot see that it is his own evil and not his mighhour's, that is the cause of all his trouble. "

" અશુભ વિચાર સેવનાર મનુષ્ય તેના દુર્ગુણોથી ઓળખાય છે. વ્યગ્રતા અને અસ્થિરતા અશુભ વિચાર કરનારના મન ઉપર સત્તા ચલાવતા હોય છે અને તેને અસીમ શાંતિનું ભાન થતું નથી. તે એમજ કલ્પના કરે છે કે અન્ય મનુષ્યો મને નુકશાન કરશે, મારો તિરસ્કાર કરશે, મને છેતરશે, મને હલકો પાડશે અને મને ખરાબ કરશે. અંતરના સદ્દગુણોના આશ્રયને જાણ્યા શિવાય, તે બાહ્ય સાધનમાં આશ્રય શોધે છે અને શંકા, દ્વેષ, ક્રોધ અને વેરમાં આશ્રય લે છે અને પોતાના દુર્ગુણોની આગમાં તે બળે છે. આંતરદ્રષ્ટિના અભાવે અને સત્યમાંથી અસત્ય શોધી કાઢવા અશક્ત હોઈ તેના સહવાસીઓનું નહિ પણ પોતાના જ પાપનું એ ફલ છે, અને તેની સર્વ આપત્તિનું એજ કારણ છે, એમ જોઈ શકતો નથી. "

અશુભ વિચાર એ સર્વ દુઃખનું મૂલ કારણ છે. કોઇપણ ઇતર મનુષ્ય આપણને સુખી કે દુઃખી કરવા શક્તિમાન નથી. માત્ર આપણે આપણા વિચારો અને તદનુસાર થતા કર્મોથીજ સુખ કે દુઃખને અનુભવીએ છીએ.

આપણે એક વખત કહી ગયા કે જગત્‌માં જે જે બનાવો બને છે, તેનું કારણ માત્ર વિચાર છે. ગતિ અને આગતિ એ વિચારથી થયાં કરે છે. દરેક સ્થળે વિચારના આંદોલનની સત્તા પ્રવર્તી રહેલી છે. જે જે પ્રકારનાં કાર્યો તમે કરો છો, તેમાં પણ વિચાર પ્રધાનભૂત છે. સર્વ ધર્મશાસ્ત્રોએ વિચાર–ભાવનાને આત્માની ઉન્નતિ અને અવનતિમાં પ્રથમ સ્થાન આપ્યું છે. મનુષ્ય જેવા પ્રકારનાં વિચારો કરે છે, તેવા પ્રકારનું વિચારોનું સૂક્ષ્મ વાતાવરણ બંધાય છે. પ્રત્યેક મનુષ્યના વિચારના આંદોલનો એમાં એકત્ર થાય છે. જેનાં વિચારના આંદોલનો તીવ્ર અને શુભ હોય છે, તે અન્યના ઉપર પોતાનું સ્વામીત્વ ધરાવે છે અને તેનું ઇચ્છિત કાર્ય તુરતમાં ફળદાયી નીવડે છે. વિચારમાં આટલું સામર્થ્ય રહેલું છે, તેનું કારણ આત્મતત્ત્વજ છે. આત્મા અખંડ અને અતૂલ સામર્થ્યનો સ્વામી છે અને તેના અક્ષય ભંડારમાંથી વિચારનું સામર્થ્ય ઉદ્દભવતું હોવાથી વિચારથી ઇચ્છિત કાર્યો સિદ્ધ થઇ શકે છે. જેવા પ્રકારનાં વિચારોનું તમે સેવન કરો છો, તેવા પ્રકારનાં સંયોગો તમને પ્રાપ્ત થાય છે. તમે ગમે તે પ્રકારની દુઃખી સ્થિતિમાં હો, તો તે તમારા વિચારને જ આભારી છે. અશુદ્ધ વિચારોનું સેવન કરવાથી આત્માની આસપાસ એવા પ્રકારનું દ્રઢ વાતાવરણ બંધાઇ જાય છે કે આત્માની શક્તિનો પ્રકાશ મળી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનશાસ્ત્રમાં ધર્મના ચાર માર્ગો બતાવતાં ભાવનાને સર્વોત્તમ સ્થાન આપેલું છે, અને વળી કર્મના નિયમને પણ મુખ્ય સ્થાન આપેલું છે, તેનું કારણ યથાર્થ છે. કારણ કે મનુષ્યના સુખદુઃખનો આધાર પૂર્વકૃત કર્મો ઉપર રહેલો છે. કર્મ એ વિચારમાંથી ઉત્પન્ન થાય છે, પ્રથમ વિચાર અને પછી કાર્યની ઉત્પત્તિ છે.

આત્મતત્ત્વનું એકાગ્ર ભાવે ચિંતન કર્યાં કરવું, એ શુભ વિચાર છે. આત્મતત્ત્વનું એકાગ્ર ભાવે ચિંતન કરવાથી આત્માનાં જે અસંખ્ય સદ્ગુણો છે, તે ક્રમે ક્રમે મનુષ્યથી આચારમાં મૂકાય છે. પ્રાણી માત્રનું હિત કરવાનો વિચાર, સર્વ જીવો તરફ સમાનભાવ રાખવાનો વિચાર, એ આત્માના મુખ્ય સદ્ગુણ છે. આવા પ્રકારની ભાવના તમે સેવો અને વ્યવહારમાં પણ તે મુજબ વર્તન રાખો તો આત્માના સર્વ સદ્ગુણો અને તેનું સમગ્ર સામર્થ્ય ધીમે ધીમે પ્રગટ થશે. વ્યવહારમાં રહી પ્રાણી માત્રનું હિત શી રીતે કરવું, એવો પ્રશ્ન કદાચ તમને થશે, એ ઉપરથી આંહી તેનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. વ્યવહાર દશામાં રહી દરેકનું કલ્યાણ કરવાની તમારી શુદ્ધ બુદ્ધિ હોવી જોઇએ. તમારૂં કોઇ અહિત કરે તો બેસી રહો તેમ કહેવાનો ભાવાર્થ નથી, તેવા પ્રસંગે તમારે તમારો બચાવ કરવાની પણ જરૂર છે.

કર્તવ્ય વિરૂદ્ધ કામ કરવું એ માત્ર અયોગ્ય છે. તમારા વિચારો જેમ બને તેમ પ્રત્યેક જીવાત્માનું કલ્યાણ કરવાના હોવા જોઇએ, અને આવા વિચારોનું તમે હંમેશાં સેવન કરતાં હશો તો કોઇ તમારૂં અહિત કરી શકશે નહિ અને કદાચ કોઇ અજ્ઞાન જીવ તેમ કરવા તત્પર થશે તો પોતાના કાર્યમાં તે અવશ્ય નિષ્ફળ જશે. વિચારના સામર્થ્યથી સર્વ અર્થ સિદ્ધ થાય છે.

વિચારના સામર્થ્યને કેવી રીતે પ્રાપ્ત કરવું, એ માત્ર લખવાનું હવે રહે છે. આ સર્વોત્તમ સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે પ્રથમ તમારે શારીરિક શુદ્ધતા રાખવાની અને આચારમાં નિયમિત રહેવાની જરૂર છે. આહાર અને વિહારમાં પણ નિયમિત રહેવું જોઇએ. સવારમાં વહેલાં જ્યાં ગડબડાટ કે ઘોંઘાટ ન હોય તેવાં સ્થળમાં તમે સુખે બેસી શકો એવી રીતે આસન ઉપર કે નીચે બેસવું. પાંચેક મીનીટ શ્વાસોશ્વાસની ક્રીયા ધીમે ધીમે થવા દેવી. ત્યાર પછી નવકાર વાળી લઇને અથવા તો તે સિવાય તમારા ઇષ્ટદેવનું સ્મરણ શાંતિવાળા સ્થળમાં જઈ કરવાનું શરૂ કરવું. આ પ્રસંગે મનને માત્ર એ એકજ વિચારમાં જોડી દેવું. આ પ્રમાણે હંમેશાં કરવાથી તમારૂં મન શાંત થતું જશે અને તમારી ઇચ્છાનુકૂળ વિચાર કરવાનું સામર્થ્ય તમારામાં આવશે. આ પ્રણાલીકા ઉપરથી શાસ્ત્રકારોએ બીજાં જે બાહ્ય આચારો, ક્રિયાઓ બતાવ્યાં છે, તેને ત્યજી દેવાની જરૂર નથી. પરંતુ તે પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણે વર્તવાથી આ કાર્યમાં વધુ સરલતા થશે. થોડો સમય આ પ્રમાણે કરી પછી મૂકી દેવાથી કાંઇ લાભ થશે નહિ. પ્રયત્નને વળગી રહેશો તો અવશ્ય વિજય મેળવી શકશો. પા કે અડધા કલાકના વખત સિવાય જ્યારે જ્યારે તમને વખત મળે ત્યારે મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરજો અને ઇચ્છિત વસ્તુનું સ્મરણ કર્યા કરજો. તેથી જેમ શ્રીમાન છોટાલાલ કહે છે:—

"જેની કરીશ અતિ તીવ્રતાથી હૃદયમાં તું ઝંખના,
જે જરૂર મળશે એવી તું રાખીશ ઉર દૃઢ ભાવના;
દુર્લભ અસાધ્ય ભલે હશે પણ તુજ પ્રતિ તે આવશે,
તુજ કંઠમાં વરમાળ તુજ ભક્તિ તને પહેરાવશે."

તેમ અવશ્ય તમારી ઇચ્છિત વસ્તુ તુરતમાં તમને પ્રાપ્ત થશેજ. હવે આ લેખના અંતમાં માત્ર એટલુંજ કહેવું રહે છે કે શુદ્ધ વિચારને અહોનીશ સેવો અને અશુદ્ધ વિચારને એકદમ અરે અત્યારથીજ ત્યજી દો. તમે સંપૂર્ણ સુખી થશો અને ત્રણલોકમાં તમારો વિજય વર્તશે. સમજુ મનુષ્યોને આથી અમે વધુ શું સમજાવી શકીએ ? અમને ખાત્રી છે કે તમે અવશ્ય હવેથી શુદ્ધ વિચાર કરી અનુકૂળ સામર્થ્ય પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થશો.

---

॥ ॐ ॥

## શ્રી વિતરાગ સ્તુતિ.

(કવ્વાલિ.)

પ્રશમ રસમાં મગન માનું, પ્રસન દૃષ્ટિ યુગલ જાનું;
કમલ સમ છે વદન સારૂં, ત્રિયા બિન અંક છે તારૂં. ૧
નહિં કરમાં કહિ શસ્ત્રો, વળી જિરણ નહિં વસ્ત્રો;
નહિં રાગી નહિં દ્વેષી, અરે વિતરાગતા એસી. ૨
ધરે જે ધ્યાન તારૂ તે, બને છે ધ્યેય રૂપી તે;
ત્રિપુટી એકયતા પામે, નમન ત્યાં માહરૂં જામે. ૩

માગશર શુકલ પ્રતિપદા.
છીપીચાલ—મુંબઇ.

જિજ્ઞાસુ ઉમેદલાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ મિમાંસા.

( ગતાંક પૃષ્ટ ૯૩ થી શરૂ )

## પુનર્જન્મ.

હમે ગતાંકમાં જણાવી ગયા છીએ કે આત્મા પોતાનું ભાવિ પોતાની જ શુભાશુભ ઇચ્છાઓ વડે રચે છે. તે ઘણી વખત એમ માનતો હોય છે કે તે કર્મ નામની અલક્ષ્ય સત્તાને આધિન છે. વાત ખરી છે કે ઘણા પ્રસંગે આત્માને પોતાની વાસનાઓના સ્વરૂપનું ભાન હોતું નથી. તેથી તે પોતાના મનથી એવોજ નિર્ણય બાંધે છે કે આ સંસાર સમુદ્રમાં તેનું ભાવી સુકાન વિનાના વહાણના જેવું અનિશ્ચિત અને ગમે ત્યાં ઘસડાઇ જવાના સ્વભાવવાળુ છે. પરંતુ ખરી રીતે એ નિર્ણય ભ્રાન્તિયુક્ત છે. તેનું ભાવિ તે પોતાની વાસનાઓ, ઇચ્છાઓ, અભિલાષાઓ, આકાંક્ષાઓ અથવા રૂચિઓ વડે જ નિર્મે છે. તેના ભાવિને તે અનિશ્ચિત ગણે છે તેનું કારણ એજ છે કે તેની ઇચ્છાની દિશાને તે ચોક્કસપણે જોઇ શકવા અશક્ત છે. અગર જો તે એ દિશાને નકી કરી શકે તો જરૂર તે પોતાના ભવિષ્ય સ્વરૂપને જોઇ શકે છે.

પૂનર્જન્મનો નિર્ણય પણ પોતાની વાસનાઓ વડે જ કરે છે. વાસનાનું ખેંચાણ તેને એવા સ્થાનમાં ઘસડી જાય છે કે જ્યાં એ વાસનાની પરિતૃપ્તિ તે અનુભવી શકે. પરંતુ એ ઉપરથી એમ માનવાનું નથી કે એ પ્રમાણે ઘસડાઇ જવામાં આત્માને પોતાની ઇચ્છાનો અવકાશ નથી. એથી ઉલટુ તે પોતાની જ ઇચ્છાના વેગવડે ઇષ્ટ સ્થાનમાં દોરાય છે. કદાચ તેને પોતાની મરજી વિરૂદ્ધ થતુ જણાય છે તેનું કારણ એટલું જ છે કે તેની એ ઇચ્છા બહુ વ્યકત અને સ્પષ્ટ હોતી નથી. અર્થાત્ તેનું ભાન તેને અતિ મંદપણે હોય છે તેથી તે એમ માનવા દોરાય છે કે તેને પોતાની ઇચ્છા વિરૂદ્ધ દોરાવું પડે છે. વાસ્તવમાં, તે પોતાની મરજી છે માટે જ પૂનર્જન્મના વેગને વશ બની જે સ્થાનમાં પોતાની શેષ ઇચ્છાઓ તૃપ્ત થાય એવા સ્થાનમાં જન્મે છે. જેમ રેલ્વે ટ્રેન આપણી મરજી વિરૂદ્ધ પરાણે આપણને ડબામાં બેસારીને ગમે ત્યાં ઉતારી નાખી શકતી નથી, પણ આપણે હજારવાર ગરજ છે માટે જ આપણી વિનંતિ ઉપરથી આપણને ઇષ્ટ સ્થાનમાં ઉતારે છે. તેમ પૂનર્જન્મનો વેગ ( current of rebirth ) આપણી આજીજીને અનુસરીને જ આપણને, આપણા માગેલા ઠેકાણે પહોંચાડે છે. કર્મ એ નરસા કામ બદલ શિક્ષા કે સારા કામ બદલ ઇનામ આપનારી કોઇ ઇતર અને નિરાળી સત્તા નથી તેમજ કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદળામાં છુપાએલુ કોઇ અજાણ્યું કઠોર દીલનું સત્વ નથી. ઘણા મનુષ્યો એમ માને છે કે કર્મનો નિયમ બહુ સખ્ત હૈયુ રાખીને એક નક્કી કરેલા ઠરાવ પ્રમાણે, સર્વ કોઇને, મરજી હોય યા ન હોય તોપણ જ્યાં ત્યાં ફેંકયા કરે છે. આમ હોવાને બદલે, હમે ગતાંકોમાં જણાવી ગયા તે મુજબ કર્મ એ માત્ર આધ્યાત્મિક કાર્ય-કારણનો જ નિયમ છે ( Law of speritual cause and effect ) કદાચ આપણે શિક્ષા પામીએ છીએ તો કર્મ આપણા પાપનો બદલો લેતો હોય એમ માનવાનું નથી, પરંતુ આપણે આપણા પાપવડે જ શિક્ષા પામતા હોઇએ છીએ; તેજ પ્રમાણે, આપણે કદાચ પૂણ્ય કર્મનો ઉપભોગ કરતા હોઇએ તો આપણા સારા કાર્યોના બદલામાં કર્મની સત્તા આપણને સુખ આપી રહી છે એમ નથી, પરંતુ એ સારા કાર્યો પોતે જ આપણને સુખાનુભવ કરાવી રહ્યા હોય છે. ટુંકામાં આપણી શિક્ષાઓ અને ઇનામો અથવા દુઃખો અને સુખો એ આપણા વર્તનના જ પરિણામો છે. અને આપણું વર્તન અથવા ચારિત્ર એ બીજું કાંઇ જ નહી પણ આપણી ઇચ્છાઓનું એકત્ર સ્વરૂપ અથવા સરવાળો છે. આથી ઇચ્છા એજ કર્મની પ્રેરક સત્તા છે અને ઇચ્છા અથવા વાસનાવડે જ આપણું ભાવિનું સ્થાન નક્કી થાય છે.

ઘણા મનુષ્યોને ભાસે છે તેમ પૂનર્જન્મ એ આપણી કોઇ સત્તાએ બળાત્કારે નાખેલો કર કે વેરો નથી. આપણી પોતાની તેવી ઇચ્છાથી જ આપણે તે માગીને લઇએ છીએ. આપણી ઇચ્છાઓનો સરવાળો જેવા સ્વરૂપે હોય છે તેવા જ સ્વરૂપને અનુસરતો આપણો પુનર્ભવ નિર્માય છે. એ પ્રમાણે ન થાય, અને કાંઇ બીજી જ રીતે થાય તો આ વિશ્વમાં ન્યાયનું સામ્રાજ્ય નહી પણ કોઇ જુલમગાર રાજાનું આધિપત્ય પ્રવર્તે છે એમ જ કહી શકાય. આપણી મરજી વિરૂદ્ધ આપણા ગળે કોઇ કશું જ વળગાડી શકતું નથી. માગ્યા વિના કશું જ મળતું નથી. માત્ર આપણે શું માગીએ છીએ તેનું આપણને સ્પષ્ટ ભાન હોતું નથી એટલું જ છે અને એ ભાન હોય તો આપણને અવશ્ય ખાત્રી થાય કે આપણે જે સ્થિતિ કે સ્થાનનો દાવા રાખતા હોઇએ છીએ તેજ આપણને મળે છે.

આથી આપણો ભવિષ્યનો જન્મ નિર્માવામાં કશુંજ આપણી મરજી વિરૂદ્ધ થાય છે, એમ માનવું એ બહુ વિષમ ભુલ છે. ખરી વાત એ છે કે આપણે અમુક સ્થાનમાંજ પુનર્ભવ પામીએ છીએ તેનું કારણ એ છે કે આપણે તે સ્થાનમાં જવાની ઇચ્છા કરી હોય છે અને તેથીજ ત્યાં દોરાઇએ છીએ. આપણે આપણી પોતાની વાસનાઓથી, અભિરૂચિઓથી એવા પ્રકારની આકાંક્ષા ઉપજાવી છે કે તે તે પ્રકારના વિશિષ્ઠ સ્થાનમાં જઇએ તોજ તે તૃપ્ત થઇ શકે. આપણે અજ્ઞાતપણે એ ખેંચાણને આધિન બનીએ છીએ અને પૂનર્જન્મના વેગને વશ થઇ એવા સંયો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોમાં જઇએ છીએ કે જ્યાં એ આકાંક્ષા તૃપ્ત થાય, એટલુંજ નહીં પણ તે તૃપ્તિના સારા અથવા નરસા ફળો ભોગવીને એ આકાંક્ષાને નિવૃત્ત પણ કરાય. આત્મા પોતાની વાસના રૂપી ઉગ્ર ક્ષુધાને તૃપ્ત કરવા માટે તલસી રહ્યો હોય છે, અને જ્યાં સુધી યોગ્ય સ્થાનમાં જઇને ક્ષુધાને તૃપ્તિ ન આપે ત્યાંસુધી તે ક્ષુધા અથવા વાસના નિવૃત્ત થતી નથી. આથી એવું માની બેસવાની લેશ પણ જરૂર નથી કે બધીજ વાસનાઓને આ પ્રમાણે તૃપ્ત કર્યા શિવાય ચાલે તેમ નથી અને બધાને ભોગવવીજ આવશ્યક છે. એ વાસનાને અનુસરતા સ્થાનકે સ્થિતિ વિશેષમાં પ્રવેશ્યા શિવાય એક બીજો પણ માર્ગ ખુલ્લો છે, તે એ છે કે એવાજ પ્રકારની વાસનાઓના પરિણામે અન્ય આત્માઓ જે સુખદુ:ખાનુભવ કરે છે તેનો પોતાના ઉપર આરોપ કરી સમતાભાવે તે ભોગવી લઇ તેનો ક્ષય કરવો. એક માણસ પોતાની ઇચ્છાઓના વેગને વશ બની જે સ્થિતિમાં આવ્યો હોય છે તેના સુખનો અનુભવ આપણે મનોમય રીતે કલ્પીને તે સુખમાં શું સાર અથવા આનંદદાયક્તા રહેલી છે તે આપણે જોઇ શકીએ છીએ અને એ પ્રકારે કલ્પનાથી એનો અનુભવ મેળવીને એ પ્રકારની ઇચ્છાથી આપણે ધારીએ તો મુક્ત બની શકીએ છીએ. સમજુ મનુષ્યો દરેક પ્રકારનો અંગત અનુભવ કરવાને બદલે કલ્પનાથી તેનો અનુભવ કરી લે છે, અને તેનો મનોમય ભોગ કરી તેમાં શું સુખ સમાએલું છે તેનું તારણ કાઢી પોતાને તેવી સ્થિતિમાં પ્રવેશવું યોગ્ય છે કે નહીં તે નક્કી કરી શકે છે. પરંતુ અણસમજુ મનુષ્યો એટલો વિવેક દર્શાવી શકતા નથી. તે તો માત્ર અંગત અને જાતિઅનુભવનાજ ભૂખ્યાજ હોય છે. અને જ્યાં એ ભૂખ ભાંગી શકે તેવા સંયોગોમાં જવા માટે તત્પરજ હોય છે. આથી આપણે એટલું નક્કી કરી શકીએ છીએ કે ઇચ્છા (desire) એજ પુનર્જન્મના સ્વરૂપનો નિર્માતા છે.

અનેક જન્મ જન્માંતર અને વિવિધ પ્રકારના અનુભવોના અંતેજ સ્થૂળ ભૌતિક ઉપભોગની લાલસામાંથી આત્માની અભિરૂચિ નિવૃત થાય છે. ત્યાંસુધી તે પુન: પુન: તેની વાસનાઓના વેગને આધિન બની તે તૃપ્ત થાય તેવા સ્થાનોમાં ગયા કરે છે. અનેક સુખદુ:ખના પલટા ભોગવ્યા પછીજ આત્મા એ બધાની નિ:સારતા જોઇ શકે છે, અને વાસનાની તૃપ્તિના પરિણામો કેવા દુ:ખદ છે, તે નિર્મળ વિવેક દ્રષ્ટિએ વિચારી શકે છે. પછી તે ઉચ્ચ જીવન ભણી આકર્ષાય છે. તેના હૃદયના ઉર્ધ્વગામી વેગમાં તે પોતાની ગતિ ભેળવી દે છે. આત્માની સ્વાભાવિક ગતિ અગ્નિની શિખાની માફક ઉચ્ચગામી છે, અને એ બધું સમજ્યા પછી તે પોતાની સ્વાભાવિક ગતિને નિરંકુશપણે તેની વ્યાજબી દિશામાં ખુલ્લી મુકે છે. આવા આત્માઓ સંસાર જીવનમાં પોતાની વાસનાઓની પરિતૃપ્તિ શોધવા માટે કદીજ પ્રવેશતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ કોઈ લોકોત્તર દિવ્ય આશયને પૂર્ણ કરવા માટેજ આ વિશ્વના નાટય મંચ ઉપર કાંઈ વિશેષ પ્રકારનો વેશ ભજવવા માટે ઉતરે છે. તેમનો પાદુર્ભાવ જનકલ્યાણ માટેજ હોય છે. તે પછી તેમની સમસ્ત વિભૂતિઓ પરોપકાર અર્થેજ હોય છે. વાસના અથવા ઇચ્છાથી પ્રેરાઇને તેમનું એક પણ પ્રવર્તન હોતું નથી, પરંતુ કોઈ ઇશ્વરી સંકેત સિદ્ધ કરવા માટેજ તેઓ મથી રહ્યા હોય છે. તેઓ મનુષ્ય નહીં પણ દેવ હોય છે. અહો ! આપણી મધ્યમાં આ કાળે પણ એવા અનેક વિરલ તનુઓ છે, પરંતુ અજ્ઞ સમાજ તેને તેવા રૂપે ઓળખવાની પરવા દાખવતો નથી. કેમકે મનુષ્યત્વ અને ઇશિત્વની કસોટીના ધોરણો અજ્ઞ સમાજમાં બહુ બેવકુફી ભરેલા—નહીં નહીં બાળકાઇ ભરેલા હોય છે. જેનું હૃદય લૌકિક આશય કે વાસનાને વશ નથી, એ ઇશ્વર નથી તો બીજું શું છે ?

સામાન્ય રીતે મનુષ્યો આ જીંદગીનો ઘણા વરસ અનુભવ લીધા પછી એવું કહેતા હોય એમ જણાય છે કે “ અમને હવે આ જીંદગીમાં કાંઇજ રસ રહયો નથી. હવે તો અમે આખી અણીએ આંહીથી નીકળી જઇએ તો સારૂં. વધારે જીવવું કે ભોગવવું રૂચતું નથી. સ્ત્રી, પુત્ર, પૈસો ટકો હવે અમને સુદ્દલ ગમતા નથી. ” વિગેરે વિગેરે– આ લોકો કાંઇ ઢોંગ કરતા હોય એમ પણ જણાતું નથી. કેમકે તેમનું અંતઃકરણ બહુધા કોઇ પ્રકારની આકાંક્ષામાં લુબ્ધ હોતું નથી, પરંતુ તેમાં જરા ઉંડા ઉતરીને જોવાથી વસ્તુસ્થિતિ કાંઈ બીજીજ જણાય છે. વાસ્તવમાં તે લોકો સંસાર-જીવનથી કંટાળ્યા હોય છે એમ કાંઇ નથી, પરંતુ આ ભવમાં તેમણે જે પ્રકારનું જીવન અનુભવ્યું હોય છે, તે પ્રકારના જીવનના અનુભવથી કંટાળેલા હોય છે. બીજા બધા પ્રકારના જીવનમાંથી જેમનો રસ ઉડી ગયો હોય છે એમ કાંઇ નથી. અમુક પ્રકારના સાંસારિક બનાવોમાં તેમણે નિઃસારતા જોઇ હોય છે અને હવે તેવાજ પ્રકારના બીજા અનુભવોમાં તેમને આનંદ રહ્યો હોતો નથી, વારે વારે તેવોને તેવો એકજ જાતનો અનુભવ થાય તેવા પ્રકારનું જીવન તેમને હવે ગમતુ હોતુ નથી, તેમ છતાં બીજા પ્રકારના અનુભવો માટે તેમનો આત્મા તલસ્યાજ કરતો હોય છે. તેમણે અત્યારસુધી એ જીવનમાં ભોગવેલા વિવિધ અનુભવોમાં હવે તેમને સુખનો અંશ ભાસતો નથી, પરંતુ જો આવા લોકો સાચા દીલથી પોતાને આત્માને પુછે તો એટલી માહેતી જરૂર મેળવી શકે કે અલબત તેઓ અમુક જાતના સંસાર–જીવનથી વિરક્તિ પામ્યા છે, પરંતુ તે કરતાં કાંઇક જુદી જાતનું ચઢીઆતા સુખાનુભવથી ભરેલું જીવન મળતુ હોય તો તેમને ફરીથી સંસારમાં આવવા કશીજ અડચણ કે વાંધો નથી. “ જો આવુ મળે ને તેવું મળે તો ” તેઓ ફરીથી કમરકસીને સંસારનો નવેસરથી લ્હાવો લેવા તૈયારજ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ "જો" એજ આ સંસારમાં ભમાવનારી વાસનાનું મૂળ છે. એ "જો" અમુક પ્રકારની સરતો માગી લે છે; અર્થાત જો અમુક પ્રકારનો પ્રેમ, કિર્તિ, ધન, વિભવ, અધિકાર, વિજય આદિ મળતું હોય તો તેઓ કહો તેટલી વાર આવવા માટે રાજી છે. પ્રત્યેક અંતકરણમાં આ પ્રકારનું "જો" હોયજ છે. તેઓ કદાચ એ "જો"નું સ્વરૂપ નહીં જાણતા હોય, અને ભોળાભાવે એમજ માનતા હોય છે કે હવે અમારે સંસારમાં કોઇ પ્રકારનો મુદ્દલ રસ નથી છતાં વાસ્તવમાં તે લોકો વાસના–મુક્ત હોતા નથી. તેઓ માત્ર અમુક પ્રકારના જીવનનો પુનઃ પુનઃ અનુભવ કરવાથી કંટાળો પામેલા જ હોય છે. સંસારનો પ્રેરક હેતુ "જો" હજી તેમના હૃદયમાં કાયમજ હોય છે.

પ્રાકૃત કોટીના બધાજ આત્માઓની લગભગ આવીજ સ્થિતિ હોય છે. તેઓ સંસાર–રૂચિથી મુક્ત નથી, પરંતુ સંસારને અમુક સ્વરૂપે જોવા અને અનુભવવા ઇચ્છે છે. ઘણાકોને સંસાર દુખમય ભાસે છે, અને તેથી તેમાંથી છુટવા માગે છે તેનું કારણ સંસાર ઉપરથી તેમને વસ્તુતઃ વિરાગભાવ ઉપજ્યો છે એમ કાંઇ નથી, પરંતુ તેમની વાસના પ્રમાણે તેમને સંસારમાંથી મળી શક્યું નથી. છતાં હજીએ તે પ્રકારે સંસાર આપી શકતો હોય તો તેમને તેમાં પ્રવેશવું હજાર વાર કબુલ છે. દુનિયાને પોતાની રૂચિ પ્રમાણે ઘડીને તેમાં નિવાસ કરવા તેઓ માગે છે. સંસાર તેમને ખારો ઝેર ભાસ્યો છે એમ મુદ્દલ નથી, પરંતુ એ સંસારનો અમુક પ્રકારનો બનાવ તેમને તેવો ભાસ્યો હોય છે અને ભ્રાન્તિથી એવું કલ્પી બેઠા છે કે સમસ્ત સંસાર જીવન તેમને અકારૂં લાગે છે. એક વૃદ્ધ પુરૂષને તમે કદાચ ફરીથી જુવાની, તંદુરસ્તિ, બુદ્ધિબળ, પ્રેમ, દ્રવ્ય વિગેરે આપી શકો તો ફરીથી પણ તે જીવવા માટે કબુલત આપે છે. પરંતુ એ પ્રમાણે મળવું અશકય છે માટેજ તેઓ પોતાના અંતઃકરણને એમ મનાવવાનો પ્રયત્ન કરતા હોય છે કે "હવે અમે કાંઠે બેઠા છીએ. અમારે આ સંસાર સાથે હવે "મીચ્છામી દુક્કડં" છે. હવે અમે કંટાળીને ગળે આવ્યા છીએ, અને માગીએ છીએ કે ફરીથી આ સંસારમાં કદીજ ન આવીએ."

આવા લોકો પોતાની જાતને ભમાવતા હોય છે. તેઓ પોતાની સંસારવાસનાથી મુક્ત હોવાને બદલે માત્ર એ સંસારને બીજી રીતે–પ્રકારે ફરી ભોગવવા માગે છે. એનું નામ વાસના–ક્ષય નથી પણ એક પ્રકારના સતત્ અનુભવથી ઉપજેલો કંટાળો છે. તેઓ માત્ર અનુભવનો ફેરફાર ખરી રીતે માગે છે. ધનની પ્રાપ્તિમાં નિરાશ બનેલાઓ, પ્રેમની યાચનાના ઉત્તરમાં અનાદર પામેલાઓ, સ્ત્રી, પુત્ર, બંધુ આદિ તરફથી અયોગ્ય વર્તન અનુભવનારાઓ વિગેરેને સંસાર ગમતો નથી. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું કારણ એટલું હોય છે કે તેમની મરજી પ્રમાણે તેમને બધુ મળી રહેતું નથી. તેમની ઇચ્છા પ્રમાણે તેના સગાસંબંધીઓ કુટુમ્બીઓ વર્તતા નથી–ધાર્યા પ્રમાણે વ્યાપારના પાસા સવળા પડતા નથી. અગર સંસાર જો એ બધી બાબતોમાં તેમને અનુકુળ બનવાની હા પાડતો હોય, તો તેમને અહીં હજી ઘણો કાળ સુધી વસવાટ કરવામાં કશોજ વિરોધ નથી. આપણા માંહેના વિરાગીઓ, પણ ઘણે ભાગે આવા આશાભંગ પામરો જ હોય છે. તેમના હૃદયમાંથી નિરાશાના ઉષ્ણશ્વાસની જવાળા નિરંતર વહતી જ હોય છે. આવા લોકો સંસારથી રીસાઇને ઘણીવાર ભાગી છુટે છે. ખરેખર તેઓ પ્રભુના વિસ્તૃત કુટુમ્બ માંહેના અણસમજુ બાળકો છે. રીસાઇને તેઓ કયાં જવા માગતા હશે? અને કયાંસુધી એ રીસ વેંઢારશે? માત્ર ત્યાંસુધી જ કે જ્યાંસુધી તેમને કોઇ મનાવીને પાછા લઈ જતું નથી. આથી તે વિરાગી નહીં, પણ સંસારી જ ગણાવા યોગ્ય છે.

આથી સંસાર જીવન આપણી મરજી વિરૂદ્ધ આપણને કોઇ સેતાને ગળે વળગાડયું નથી, પરંતુ આપણી લાખવાર રાજીખુશી છે, અને તે માટે તલસી રહ્યા છીએ, માટે જ તેમાં ફરી ફરી જન્મીએ છીએ. આત્માની મરજી શિવાય તેને કોઇ સત્તા એક તસુ પણ ખસેડવા અશક્ત છે. તે પોતાની મરજીથી નવો ભવ પામે છે એટલું જ નહીં પણ એ જન્મના સંયોગો, પરિવેષ્ટનો, સગાસબંધીઓ આદિ પણ તેની ઇચ્છાનુસારજ મળે છે; અને તેની અતૃપ્ત વાસના જે સંયોગોમાં પુરી પડી શકે તેવા સંયોગોમાં એ અવતરણ પામે છે. ખરી વાત છે કે એ ઇચ્છા અથવા વાસનાઓને આત્મા કાંઇ ઉપયોગ સહિતપણે સમજણપૂર્વક રચતો નથી. વાસ્તવમાં તે બધું તેના અંતઃકરણમાં અવ્યક્તપણે-ગુપ્તપણે જ હોય છે. તે કાંઇ જ્ઞાતપણે પોતાની પસંદગી અજમાવતો નથી. તેની ઇચ્છાઓ અને લાગણીઓ ઉપર તે પોતાના અંતરનો પ્રકાશ ફેંકીને તેને સ્પષ્ટ સ્વરૂપે સમજી શકતો હોતો નથી. કેમકે અંતરાવલોકનની શક્તિ તેમનામાં ખીલી હોતી નથી. સામાન્ય લોકોનું અંતઃકરણ પશુત્વની કોટીથી માત્ર સ્હેજસ્હાજ ચઢીઆતું હોય છે. તેમનામાં માત્ર instinct (સંજ્ઞા, પ્રેરણા, અવ્યક્ત વલણ) હોય છે. reason (વિવેકબુદ્ધિ સારાસારની સમજણ) ઉદયમાન થએલી હોતી નથી. પરંતુ આત્મા જેમ જેમ વિકાસ પામતો જાય છે, અર્થાત self consciousness (સ્વરૂપ ભાન) માં જેમ જેમ આવતો જાય છે તેમ તેમ તે પોતાની ઇચ્છાઓ, રૂચિઓ, વાસનાઓ, લાગણીઓ, આવેગો, આકાંક્ષાઓ વિગેરેને સ્પષ્ટ પ્રકારે સમજતો ચાલે છે, અને કંઇ રાખવા જેવી અને કંઇ દૂર કરવા જેવી તેનો નિર્ણય કરી શકે છે. જેમનામાં આત્મભાન બહુ ચઢીયાતી કળાએ વિકસેલું હોય છે તેવા આત્માઓ પોતાનો પુનર્ભવ દ્રઢ સંકલ્પથી નકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકે છે. કેમકે તેમને પોતાની ઇચ્છાઓ કઇ દીશામાં છે તેનું ચોખ્ખું ભાન હોય છે. પછી તેઓ ઉપયોગ પૂર્વક ( consciously ) એવા સંયોગોની પસંદગી કરે છે કે જ્યાં તેમની બધી ઇચ્છાઓ બર આવી શકે. પરંતુ તેમને પોતાની વાસનાઓનું ભાન હોતું નથી ત્યાં તે અવ્યક્તપણે કામ કરતી હોય છે. આવા પ્રસંગોમાં તે તે આત્માને એમ ભાસે છે કે અમને સંસારમાં ભમવાની ઇચ્છા નથી છતાં આ ચોરાશીનો ફેરો અમારો પીછો છોડતો નથી.

આ બધા ઉપરથી અમારો કહેવાનો આશય એવો મુદ્દલ નથી કે એ બધી ઇચ્છાઓ અને પસંદગીઓ વખોડી કાઢવા જેવી અને એક સામટી હૃદયમાંથી મૂળ સુદ્ધાં ઉખેડીને ફેંકી દેવા જેવી છે. આવા આશયનું એકપણ વાકય હમે કદી જ લખ્યું નથી. એથી ઉલટું હમે માનીએ છીએ કે એ બધી ઇચ્છાઓ આત્માની ઉન્નતિના સાધન સ્વરૂપે છે, એ ઇચ્છારૂપી લક્ષ્યને સિદ્ધ કરવા માટે આત્મા પોતાના પ્રયત્નને કેન્દ્રીભૂત કરી તે અર્થે પોતાનું સર્વ સામર્થ્ય યોજે છે. આ પ્રયત્ન ( struggle ) માંથી જ તેનું આંતરબળ ખુલે છે. એ struggle ને આપણે જીવન–કલહના નામથી ઓળખીએ છીએ, પરંતુ વાસ્તવમાં તે જીવન–કલહ નથી પરંતુ આપણી શક્તિને ખીલવવાના અખાડા છે. અલબત તેમાં મહેનત રહેલી છે; તન મનને કસવું પડે છે, નિરાશા, વિશ્વાસ, શ્રમ, આંસુ, રૂદન એ બધું એના અંગે અનિવાર્યપણે રહેલાં છે, છતાં શક્તિના વિકાસ અર્થે એની યોજના કર્યા વિના વિશ્વમાં ચાલી શકે તેમ નહોતું માટેજ તે આપણે જોઇએ છીએ. એ ઇચ્છાઓનો અકાળે વિનાશ અથવા ક્ષય કોઇથી બની શકે તેમ નથી. કેમકે તેને મેળવવાની એવી પ્રબળ વૃત્તિ આત્મામાં રોપાએલી છે કે તે પ્રાપ્ત કર્યા વિના તેને કોઇ પ્રકારે ચેન પડવાનું નથી. જયાંસુધી એ ઇચ્છાના ફળને મેળવીને તેનો ભોગ કરી વિરક્તિ પમાય નહી, અથવા કલ્પનાવડે એના ફળનો મનોમય ભોગ સેવી તેની નિઃસારતા સિદ્ધ કરી શકાય નહી, ત્યાંસુધી તે વાસનાનું બળ નરમ પડતું નથી. એ વૃત્તિ આપણા હૃદયમાં રહેલી છે, તે એટલાજ માટે કે એ વૃત્તિને અનુસરતી પરિતૃપ્તિ શોધવામાં આપણે પ્રયત્ન આદરવો પડે છે. અને તે પ્રયત્નના ક્રમમાં આપણે શક્તિનો વિકાસ કરીએ છીએ. આથી જેમને આત્મશક્તિનો વિકાસ કરવો છે, તેમણે પ્રયત્નથી વિરમવાનું નથી તેમજ અકાળે એ વૃત્તિ અથવા ઇચ્છાઓનો નિરોધ કરવા માટે પેણ પ્રવર્ત્તવું યોગ્ય નથી, જ્ઞાનપૂર્વક તે વાસનાઓનો ક્ષય કરવો એ કહેવામાં અને લખવામાં જેવું સરલ છે, તેવું ક્રિયામાં સરલ નથી. કરોડોમાં કોઇ જ આત્મા તેવો વાસના ક્ષય કરવા શક્તિમાન બને છે. એ “ ક્ષાયકભાવ ” આ કાળે અલભ્ય કે દુર્લભ્ય હોવાનું એટલા જ માટે આપણા શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છાઓ એ ઉન્નતિક્રમની નિશાળના કલાસો છે. તે દરેકમાંથી પસાર થઇ, તે અર્થના પ્રયત્નમાંથી યોગ્ય બળ સિદ્ધ કરી પછી જ આત્મા આગળ વધે એવો સૃષ્ટિનો નિયમ ભાસે છે. આપણે આ પ્રમાણે ભોગવીને હજારો ઇચ્છાઓનો ક્ષય અત્યારસુધીમાં કર્યો છે. આપણાથી હલકી કોટીના આત્માઓમાં જે પ્રકારની વાસનાઓ છે, તે પ્રકારની વાસનાઓ આપણામાં નથી હોતી તેનું કારણ બીજું કાંઇ જ નહીં પણ આપણે તેનો ભોગ કરી તેની નિ:સારતા જોઇ શકયા છીએ, અને તેથી જ આપણી રૂચિ તેમાંથી ઉઠી ગઇ હોય છે. એ રૂચિને રોધવાની આપણને જરૂર પણ પડતી હોતી નથી. કેમકે હવે તેનો આપણામાંથી “ ક્ષય ” થયો હોય છે. આ પ્રકારે એક પછી બીજી, બીજી પછી ત્રીજી એમ ઇચ્છાઓની પરંપરામાંથી આપણે વહતા ચાલીએ છીએ, અને તે મેળવવાના પ્રયત્નમાંથી બળ, અને ફળ-યોગમાંથી અનુભવ એકત્ર કરતા ચાલીએ છીએ. એ અનુભવ આપણને બહુ ડાહ્યા, સમજુ, અને જ્ઞાની બનાવે છે. એ અનુભવની કસોટી આપણને ઉપલબ્ધ થયા પછી તેનો પ્રત્યેક સ્થાનમાં આપણે ઉપયોગ કરી શકીએ છીએ. પરંતુ એ અનુભવ કયાંથી આવે છે ?

( ૧ ) ઇચ્છાના વેગ વડે પ્રયત્નમાં જોડાવાથી અને ( ૨ ) તે પ્રયત્નથી પ્રાપ્ત થતા ફળના ભોગમાંથી તે સાથે એ પણ સ્મૃતિમાં રાખવું ઘટે છે કે બધીજ ઇચ્છાઓ અધમ હોય છે એમ કાંઇ નથી. જે જે ઇચ્છાઓથી આપણે સંસારમાં આવવું પડે છે તે બધી ઇચ્છાઓ અનિષ્ટ હોય છે એમ પણ માનવાની આવશ્યક્તા નથી. એથી ઉલટુ કેટલીક ઇચ્છાઓ એવી ઉત્તમ અને ભવ્ય હોય છે કે તેનો વિષય પ્રાપ્ત થયા પછી જીવાત્મા પોતાનું સ્વરૂપ ઇશત્વમાં પરિણમવવા શકિતમાન બને છે. આત્માના અંતસ્તમ પ્રદેશમાં એવી ઉર્ધ્વગામી મહત્વાકાંક્ષાઓ રહેલી હોય છે કે એને આપણે “ વાસના ” નું નામ આપી શકીએ જ નહીં. જો કે એવી ભવ્ય મહત્વાકાંક્ષા અને ક્ષુદ્ર વાસના ઉભય આત્માને સંસારમાં આકર્ષી લાવનાર હોઇ એકજ સંજ્ઞા ( Term ) થી સંબોધાવાને યોગ્ય છે. છતાં તે ઉભયમાં જે મહત્વનો ભેદ છે તે દેવ અને પિશાચ વચ્ચે રહેલા ભેદ જેટલો મહાન છે. ક્ષુદ્ર વાસના પદાર્થોને પોતાના કબજામાં હોવાની ઇચ્છા રાખે છે. ભવ્ય મહત્વાકાંક્ષા ( noble aspirations ) એ પદાર્થોને તેના ખરા માલીકના કબજામાં–અર્થાત્ પરમાત્માના, કુદરતના કે સ્વભાવના આધિનમાં રહેવા દે છે. તે વિશ્વની નિ:સ્વાર્થ સેવા બજાવવાના ઉદ્દેશથી પ્રેરાઇને સંસારમાં અવતરણ પામે છે. જમાનાના માટે કાંઇ મહત્તર કામ કરવાના આશયથી, અથવા કોઇ નૈસર્ગિક પ્રેમની વૃતિના અનિવાર્ય વેગને વશ બની દુનીયાનું શ્રેય કરવાના ઉદ્દેશથી, પ્રેરાઇને તે સંસારમાં જન્મ લે છે. તેમ છતાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની ઇચ્છાઓ-ઉચ્ચ કે અધમ-નિસ્વાર્થ કે સસ્વાર્થ-હલકી કે ભવ્ય-સંસારના બીજસ્વરૂપે છે એમાં શક નથી.

પરંતુ જેમણે સંસારમાં અવતરવાનું પ્રેરક બળ અર્થાત્ ઇચ્છાનો ક્ષય કરેલો છે તેનો સંસાર તે ક્ષણથીજ અટકી પડે છે. પ્રત્યેક આત્મા આ ક્રમ ઉપર જ છે એમ હમે માનીએ છીએ. પરંતુ જે કાંઇ સહજ અને સ્વાભાવિક હોવું જોઇએ તેમાં નકામી ઉતાવળ, અધીરાઇ, અને તલપાપડતા દર્શાવવાથી કશુંજ વળતું નથી. આપણું કર્તવ્ય માત્ર આત્માના એ ઉર્ધ્વગામી વેગને ખુલ્લા મૂકવામાં રહેલું છે. જે કાંઇ કાળના પરિપાકે અને યોગ્ય અવસરે થવા યોગ્ય છે, તે માટે અધિરાઇ અને તાકીદ કરવી છેકજ નકામી છે. " કાળ લબ્ધિ " નું જે સ્વરૂપ જૈન શાસ્ત્રકારે પ્રબોધ્યું છે, તેનો સાચો અર્થ જે વિરલ મહાત્માઓ સમજી શકયા છે તેઓ જ આ મર્મ સમજી શકશે. આત્મારૂપી સરિતાનો પ્રવાહ તેના સ્વામી સમુદ્રને-આત્મપક્ષે પ્રભુને મળવા માટે નિરંતર ગતિમાનજ છે. તેને તેના યોગ્ય પ્રવાહ-બળથી વહેવા દેવામાં જ આપણો પુરૂષાર્થ સમાએલો છે. એ પ્રવાહને હડસેલવાથી કાંઇ અધિક ફળ મળવાનું નથી. એ સમુદ્ર, સરિતાને ખેંચ્યાજ કરે છે. આપણું કર્તવ્ય, બળ, પુરૂષાર્થ માત્ર એમાંજ રહેલું છે કે એ સ્વાભાવિક ખેંચાણના વેગમાં વિઘ્ન ન નાખતા તેના યોગ્ય ક્રમે વહેવા દેવું. આ રહસ્ય-પાઠમાંજ જ્ઞાન, કર્મ, ભક્તિયોગ સર્વનો સાર સમાએલો છે. પ્રિય વાચક ! એ રહસ્ય તમને પ્રાપ્ત હો એટલું ઇચ્છી વિરમીએ છીએ.

(સંપૂર્ણ.)

( અધ્યાયી. )

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજીનો એક બીજો તાત્ત્વિક પત્ર.

*—*

આત્માનંદ પ્રકાશના ગયા વૈશાખ માસના અંકમાં તત્ત્વરસિક પંડિત શ્રી દેવચંદ્રજીનો એક પત્ર પ્રકટ કરવામાં આવ્યો છે. આજે પણ આ પંક્તિઓ નીચે તેમનો એક તેવોજ બીજો તાત્ત્વિક પત્ર પ્રકટ કરવામાં આવે છે. આ પત્ર પણ પ્રથમ પત્રમાં જણાવેલ સુરત બંદરનિવાસી જિનાગમરૂચી શ્રાવિકા જાનકીબાઈ અને હરખબાઇના નામથી લ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાયલો છે. પત્રની અંતે "लि० पादलीप्ततीर्थे रत्नचंद्रेण" આ પ્રમાણે લખેલું હોવાથી અનુમાન થાય છે કે આ રત્નચંદ્ર પં૦ દેવચંદ્રજીના શિષ્ય હશે. અને તેમણે પોતાના ગુરૂના આવા ગહન વિચારોનું વિશેષ મનન કરવા માટે પંડિતજીના એ પત્રની નકલ કરેલી હશે. કારણકે આ પત્રમાં પ્રથમના પત્રનો પણ ઉતારો દૃષ્ટિગત થાય છે. પત્રના અંતે જે ૪ દોધકો (દૂહાઓ) આપેલા છે, તે ખાસ ધ્યાન ખેંચે છે. એક વિદ્વાન્ અને તત્ત્વજ્ઞાની સાધુ-પુરૂષ શ્રાવિકાઓને પણ પોતાની સમાન લેખી અભેદ ભાવથી મૈત્રીના માર્મિક ઉદ્દગારો લખી મોકલે છે!

મુનિ જિનવિજય.

## श्री.

॥ स्वस्ति श्री आदिजिनं प्रणम्य । अहम्मदावादथी पं० देवचंद्र लिखि० श्रीसूरितबंदरे जिनागमतत्त्वरसिक सुश्राविका जानकीबाई हरषबाई प्रमुख धर्मस्वरूपरूचि आत्मा योग्यं धर्मलाभ वांचजो जी । अत्र साता छे अहिंसाना स्वरुप तो पूर्वे तुम्हने जणाव्या छइं अने वली समजवां । मूल आं ॥ अनुबंध होइं ते मध्ये उपयोगीनइं भावथी अनें अनउपयोगीनें द्रव्यथी ते तो तेहां जे गुणस्थानक ते माफक जाणवी ते मध्ये मुख्यताइं विरतिथी लेवी अनें तेहनां कारण आश्री लिख्युं ते तो उपादान कारण सर्व ठामइं आत्मपरिणाम होइं असाधारण कारण तो अविरति कषाय रागादिक हुइं अनइं निमित्त कारण तो काल स्वभाव निमित्तादिक योग वंचकादि बहुधा हुइं तथा द्रव्यथी तथा भावथी ए कारणनी भिन्नता थाय तेंवारें अनवस्था दोष उपजें ते माटिं जीहां अनुपचरितसद्भूत व्यवहारलोप जिहां थाइं ते सर्वभावथी उपादान जाणवुं ए लक्षणमात्रइं साध्युं अंत जिहांथी उपचरितसद्भूत व्यवहार ते निमित्त लक्षणसांथीइं । अने जिहां उपचरित असद्भूतव्यवहार ते निमित्त लक्षण साधीइं तिहां शुद्धअशुद्ध तो जोवा पडइं इम सघलें विचारी लिजीइं ए प्रश्ननो उत्तर समुदायमात्र लिख्यो छें ए गहनार्थ छिं बहुश्रुतपूछवा अने तुम्हें वली लिख्युं जे ३अहिंसा जे जे गुणस्थानक माफक जिहां होइं तिहां हिंसा हुइं किंवा न हुइ ते तो हिंसा हुइं पणि ते निरवद्य रूप छें आयतिकालें निर्जरा निमित्तं ज थाइं अने दोषी तुं शुभाश्रव रूप होइं । ते सावद्य निरवद्य कहीइं छिं ते माटिं हिंसा न कहइं सावद्यभाषाइं कहीइं अ..पीतुं जे दीसइं ते प्रसंगमात्र छें ते माटिं व्यवहारें इंम कहीइं निश्चयथी अहिंसा छइं ते जाणवुं तथा पंडितवीर्य उपादांन कारण तेहनो क्षयोपशम ते अ..रणकारण अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शुद्ध व्यवहारनइं गुणोपेत योग ते निमित्तकारण ए पणि लक्षण सामान्यमात्रइं सघलें लेवां तथा अनुबंध अहिंसा आश्री लिख्युं ते जाणवुं तेहनुं तो द्रव्यथी अनुबंध अहिंसा ग्रंथी भेदइं उपशम समकितदृष्टिने भावथी षायिक समकितीने ते संवर रूप शुद्ध आत्मिक भावमां–द्रव्यथी हेतु अहिंसा श्री प्रशस्तठामें निराशंसपणइं हेतु जोडइ तिहां भावथी हेतु अहिंसा अप्रमत्तगुणठाणादिकइं द्रव्यभाव शद्ध ते देश सर्व जाणवा तथा अनुबंध अहिंसा आश्री तो सामान्यें तो इंमज जे गुणठाणइं जिहां जिहां कल्प लगइं रहे ते त्रिण्ये अहिंसा तिहां तिहां साधीइं अतिक्रमादिक ३ लगइं भजना एकेकनी कहिइं अनाचारनुं तो कहवुं नहीं इत्यादी घणो विचार छें तेतो श्रीजसविजयगणी कृत नयरहस्य ग्रंथमध्यें छि स्पष्टपणें सुबुद्धिनइं तेतो वली कोइक समये जणाइं ते पीछवुं तथा अनंतचतुष्टय आश्री लिख्युं तेतो केवली भगवाननें निरुपाधिक च्यार कर्म घातीइं क्षयें ज्ञान१ दर्शन२ समकित३ वीर्य४ ए स्वाभाविक चतुष्टय थयां अनंतपणइं शेष च्यार कर्मना क्षयथी अक्षयास्थिति–१ अक्षयअनिर्वाच्य अपौद्गिलक सुख–२ एकत्वावगाहना अरूपी–३ अगुरुलघुपणुं द्रव्यसाथें पर्यायनुं अविनाशपणुं–४ ए चतुष्टय सिद्धने थयां ते माटिं सिद्धनें तथा केवली नें आपापणे गुणें फेर नहीं न्यूनाधिक नहीं इत्यादि तथा बिंबनें ऊगटणा आश्री लिख्युं ते जाण्युं बिंबनें भक्तिनें आसयें ऊगटणुं करतां दोष नथी पणि आंष कान नाशिकादि अवयवें उपयोगराषी ऊगटणुं करइं अने बीजे ठेकाणे जेतली मलिनता जाणइं तेतलुं ज वेयावच करें इम करतां जो अंशे कांइ घसाइं तो पणि शुभाशय माटें दूषण नथी जाण्युं श्राद्धविधि प्रमुष ग्रंथे पणि प्रतिमानें ऊगटणां नां वेयावच करवां कह्यां छें ते माटिं वेयावच करतां दोष नहीं ते जाणवुं.

## दूहा।

संज्ञारक्त वस्त्र बालपूरी धरज्यो आतमधर्म ।
और धर्म्म सब भर्म्म हें जासौ बांधइ कर्म्म ॥ १ ॥
क्षेत्र स्पर्शनाकें ऊदे तुम्ह अम दर्शन होय ।
मनोवर्ग्गणा कौ मिलन चाहत हैं नित सोय ॥ २ ॥
तुम्ह जेसे ज्ञायक गुणी समझो श्रुतसंतोष ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मिल्यां ग्यान बिमणौ वधें लहें ग्यान भरपोष ॥ २ ॥
या चितस्यैं नित वांचज्यो श्रीजिनायनमः शुद्ध ।
स्वामि तुम्ह बलपुरी अह निसि ग्यानं विशुद्ध ॥ ३ ॥
इति लिः पादलीप्ततीर्थे रत्नचंद्रेण ।

॥ समाप्तं ॥

# વર્તમાન સમાચાર.

શ્રી જૈન આત્માનંદ પ્રકાશના અધિપતિ સાહેબ, જત નીચેની હકીકત આપના સુપ્રસિદ્ધ માસિકમાં દાખલ કરી ઉપકૃત કરશો.

બાબુ ગોપીચંદ બી. એ. પ્લીડર.
શ્રી આત્માનંદ જૈન સભા પ્રેસીડેન્ટ—અંબાલા.

**શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ સાહેબને શ્રી જૂનાગઢ ( શ્રી ગીરનારજી મુકામે ) પંજાબ દેશમાં પધારવા માટે આમંત્રણ કરવામાં આવેલ, પંજાબ દેશના જૂદા જૂદા શહેરનો એકત્રિત થયેલ શ્રીસંઘ.**

ઉક્ત મહાત્મા પંજાબમાં અનેક ઉપકારો કરી ત્યાંથી વિહાર કરી સુમારે આઠ—નવ વર્ષ થયા કાઠીયાવાડ—ગુજરાતની જૈન પ્રજાના સદ્ભાગ્યે તે સ્થળે વિચરે છે. પરંતુ ઉક્ત મહાત્માના ઉપદેશામૃતને માટે અધીરી થયેલી પંજાબની જૈન પ્રજાએ ઉક્ત મહાત્માને પંજાબ દેશમાં પધારવા માટે આમંત્રણ કરવાને પંજાબના દરેક જૈન વસ્તીવાળા નાનામોટા ગામોમાં પ્રથમ અંબાલા—પંજાબની શ્રી આત્માનંદ જૈન સભાના તરફથી તે સંસ્થાના પ્રમુખ બાબુ ગોપીચંદ બી. એ. પ્લીડરની સહીથી એક છાપેલ આમંત્રણપત્રિકા; હસ્તિનાપુર તીર્થે એકઠા થઇ યાત્રા કરી, જુનાગઢ ઉક્ત મહાત્માને આમંત્રણ કરવા સાથે જવું તેવી મતલબની મોકલવા આવી; તે આમંત્રણપત્રિકા નીચે મુજબ છે.

॥ ओ३म् ॥

॥ दोहा ॥

भारतवर्षके बीचमें वल्लभदीनदयाल ।
जिस नगरीमें जा रहे कर दिया उसे निहाल ॥

श्रीमान् लाला.................................आदि सकल श्री संघ

जयजिनेश्वरदेवकी आप महाशयोंकी सेवामें निवेदन है । यह तो आप महाशयोंको विदित है कि आज कोईनौ सालका समय हुआ है जबसे श्री श्री मुनिमहाराज श्रीवल्लभविजयजी महाराज पंजाबसे गुजरात की ओर पधारे । और उनके पश्चात् ही लगभग दूसरे सब मुनिराज भी पञ्जाबसे गुजरात की ओर पधारे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस नौ साल के अवसर में साधु मुनिराजों के पंजाब में न होने से जो कुछ धर्म्मोन्नति में बाधा पडी है। वह सब आप महानुभावों पर विदित है। और चन्दबार पंजाबकी ओर से अलगअलग मुनिराजाओं की सेवामें पंजाब पधारनेको विनति भी कई गई। परन्तु अन्तमें यही परिणाम ज्ञात हुआ कि सब मुनिराजगानका सङ्कल्प मुनिराजश्री वल्लभविजयजी और उनके शिष्योंके अतिरिक्त पंजाब की ओर पधारनेका प्रगट नहीं होता। और मुनिराजश्रीवल्लभविजयजी की सेवामें भी उस तरफ के लोगों की विनती प्रायः अधिकतर होती रहती है। और उनका प्रभाव पडता रहता है। इसलिये उनको पंजाब पधारने में देर और बाधा हो जाती है। अब सब बातोंको सामने रखकर और पंजाबकी दशाका ध्यान करके कि बिना मुनिराजाओं के पधारने के कितनी हानि हो रही है। यहां के श्री संघने ११ अकतूबर को एकत्रित होकर यह सलाह की है कि पंजाब के प्रति नगरसे चन्दमुखियाभाई एकत्र होकर हस्तिनापुरके मेलेपर प्रथम हस्तिनापुरकी यात्रा करते हुये फिर जूनागढ श्री मुनि वल्लभविजयजी महाराज की सेवामें पंजाब पधारनेकी विनति के लिये प्रस्थित हों यदि पंजाबके प्रत्येक शहरसे पांच २ सात २ भाई इकट्ठे होकर महाराजजी की सेवामें प्रार्थना करेंगे तो पूरी आशा है कि महाराजजी अपने शिष्यों सहित पंजाबको शीघ्रही पवित्र करेंगे॥

यतः श्रीहस्तिनापुर तीर्थके उद्धारकी भी बडी आवश्यकता है। इस अवसर पर जानेसे दोनों कार्य्योंकी सिद्धि हो जावेगी। इस स्थानसे सात महाशयः—ला० गंगाराम, ला० जगतूमल, ला० रामशरणदास, ला० चान्दनराम सराफ, ला० सन्तलाल सराफ, ला० वखतावरमलने विनती के लिये जाना स्वीकार कर लिया है। तथा आशा है इस स्थानसे और भी कुछ भाई अवश्य इस अवसर पर जानेके लिये तत्पर हो जावेंगे। आपके शहरसे भी अवश्य कमसे कम आठ दश मनुष्य अवश्य जानेके लिये कृपा करेंगे।

विचार यह है कि मिति कार्तिक शुदि दशमी शनिवारको इस स्थानसे प्रस्थित हों। और इस तिथितक सब शहरके भाई अंबाला शहरमें एकत्र हो जावें यतः इसके अतिरिक्त और कोई मुहूर्त ठीक नहीं है। अतः आप श्री संघकी सेवामें निवेदन है कि आप अपने शहरके सकल श्रीसंघको जमा करके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नाम चुन करके जितनी जलदी हो सके अंबाला शहर सूचना दें । और आप अंबाला शहर न पधार सकें तो हस्तिनापुर अवश्य सामिल हो जावें । मगर नाम चुन कर हमको अवश्य सूचना दें । १४–१०–१६ विज्ञापक,

**बाबु गोपीचंद बी, ए, पलीडर.**
**प्रेजीडैन्ट श्री आत्मानन्द जैन सभा,**
**अंबाला शहेर.**

ઉપર મુજબ આમંત્રણપત્રિકા ઉપરથી પંજાબના જુદા જુદા ગામનો શ્રીસંઘ મળી સુમારે સીતેર–એંશી ગૃહસ્થો ત્યાં એકઠા થયા હતા. કારતક વદી પ્રથમ ૪ ના રોજ સાંઝના ગીરનારજી પર્વત ઉપર યાત્રાર્થે ઉકત શ્રીસંઘ આવી પહોંચ્યા હતા. કે જ્યાં ઉકત મુનિરાજ પોતાના શિષ્ય મંડળ સહિત શુદ ૧૫ ના રોજથી બીરાજમાન હતા. ત્યાં દેવગુરૂની યાત્રા–દર્શન કરી રાત્રિના ઉકત બંધુઓ તરફથી ભાવના કરવામાં આવી હતી. બીજી કારતક વદી ૪ ના રોજ સવારના દર્શન, પૂજા, યાત્રા કરી ઉકત મહાત્માને પંજાબના શ્રીસંઘે ત્યાં પધારવા આગ્રહ અને નમૃતાપૂર્વક વિનંતિ–આમંત્રણ કર્યું. જે વખતે પંજાબી ભાઇઓની ગુરૂભકિત અને ભાવના, જોનારને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી હતી. તે હકીકત પૂર્ણ થયા બાદ **શ્રી નેમિશ્વર ભગવાનની** જય બોલાવી પંજાબી ભાઇઓ તથા બીજા યાત્રાળુઓ સૌ પોતપોતાના ધાર્મિક કૃત્યો કરવા વિસર્જન થયા હતા. બપોરના જગદ્‌વિખ્યાત મહદ્ ઉપકારી **શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી)** મહારાજકૃત વીસસ્થાનકની પૂજા પંજાબના શ્રીસંઘ તરફથી ભણાવવામાં આવતા પ્રભુજીને સુંદર આંગી અને રાત્રિના ભાવના વગેરે સર્વે પંજાબી બંધુઓ તરફથી કરાવવામાં આવેલ હતું. પૂર્ણીમાથી બીજી ચોથ સુધી પાંચે દિવસ પૂજા–આંગી ભાવના વગેરે જુદી જુદી વ્યકિતઓ તરફથી થયેલ હતું. વદી ૫ ના રોજ ઉકત મુનિરાજો સાથે પંજાબીભાઇઓ નીચે પધાર્યા હતાં. વદી ૬ ના રોજ શ્રીમાન્ મુનિરાજશ્રી વેરાવળ તરફ વિહાર કરી ગયા હતા. (મળેલું.)

## શ્રીમાન્ મુનિમહારાજ શ્રીહંસવિજયજીના ઉપદેશથી થયેલ ધાર્મિક કૃત્યો.

ગયા ચાતુર્માસમાં ઇંદોર શહેરમાં શ્રીમાન્ મુનિરાજ શ્રીહંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી મહારાજશ્રી સંપતવિજયજીમહારાજ વગેરે મુનિરાજો બીરાજમાન હતા. ઉકત મહાત્માના સદ્‌ઉપદેશથી ત્યાંના રહીશ સદ્‌ગુણ સંપન્ન શેઠ બાલચંદજીએ ત્યાં જૈન ધર્મશાળા, પાઠશાળા અને લાઇબ્રેરી ખોલવા માટે રૂા. ૨૫૦૦૦) ની સખાવત કરી છે, જેથી ઇંદોર શહેરમાં જે જરૂરીયાત હતી તે પૂરી પડી છે. તેમજ અયોધ્યા નજીક રહેનારા બે બ્રાહ્મણો ઉકત મહાત્માને વંદના કરવા આવેલ ત્યાં ધર્મચર્ચા થતાં મહારાજશ્રીના ઉપદેશથી પૂર્ણ પરિક્ષા કરી તેઓ કબીરપંથી હતા છતાં તે છોડી તેઓએ જૈનધર્મ અંગીકાર કર્યો છે, તેજ રીતે ત્યાંના વતની કસ્તુરભાઇ નામના ગૃહસ્થ જે વૈષ્ણવ હતા તેઓએ પણ ઉકત મહાત્માના ઉપદેશથી જૈનધર્મનો સ્વીકાર કરેલ છે. (મળેલું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "વિજ્ઞપ્તિ ત્રીવેણિ" ગ્રંથ સંબંધી મુનિમહારાજા તથા સજ્જનોના અભિપ્રાયો.

(૧) લશ્કર તા. ૮–૧૧–૧૬

**મુનીરાજશ્રી રત્નવિજયજી મહારાજ**–લશ્કરથી જણાવે છે કે—

**શ્રીમતી આત્માનંદ સભાનાપ્રમુખ, મેમ્બરો, સભ્યો અને શ્રીયુત્ વલ્લભદાસ તથા હરજીવનદાસ—**

ધર્મલાભપૂર્વક વિદિત વિજ્ઞપ્તિ ત્રિવેણી પુસ્તક મળ્યું. સાદ્યંત નિરિક્ષણ થયું એતાદ્રશ પ્રાચીન રત્નનો જિર્ણોદ્ધાર કરી સર્વાંગ સુંદર સુવર્ણમુદ્રિકા તૈયાર કરનાર કરાવનાર અતિ ધન્યવાદ અભિવંદનપાત્ર છે. આવા કાર્ય માટે **શ્રીમાન્ પ્રવર્તકજી સાહેબ**, સાક્ષરયુવક **શ્રીમદ્ જિનવિજયજી** સર્વાંશે અને સર્વત્ર સર્વદા પુન્યશ્લોકપદે અલંકૃત છે. અપૂર્વ, અશ્રુતપૂર્વ, અદ્દષ્ટપૂર્વ અનેક જૈનમુદ્રાલેખો દેદિપ્યમાન કરી દુનિયામાં જૈનને ત્રિભુવનતિલક–ત્રિભુવન વિજિતપદે સ્થાપશે. અન્ય મહાશયો પણ આ લિખિત પંક્તિનું અનુકરણ કરી સ્વકીય સાધુતા, માધુર્યતા, ધર્મધૈર્યતા જાહેર કરો અને જૈન શ્રાવક સંસાર સમગ્ર પ્રકારે સહાનુભુતિ મહામંત્ર યાદ કરો.

વિરનિર્વાણ પછી અઢી હજાર વર્ષે એટલે વિક્રમ સંવત ૨૦૩૦ પછી જૈનધર્મનો ઉદય ઉદયપૂજા થશે. તેનાં આવાં પૂર્વ રૂપો રચાય છે. પુનઃ ધન્યવાદ આપી આવા સતત્ પ્રયાસો પેદા થાઓ.

**લી. મુનિરત્નવિજયજી.**

(૨)

**શ્રીયુત મનસુખલાલ વિ. કીરતચંદ**–મોરબીથી જણાવે છે કે—તા. ૬–૧૧–૧૬

**પ્રિયબંધુ ! વલ્લભદાસભાઇ.**

વિજ્ઞપ્તિ ત્રિવેણી મળી. સાદ્યંત એક વાર વાંચી ગયો. આવાવર્તમાન જૈનોને તો ઓરતારૂપ રસિક ઐતિહાસિક ઉલ્લેખથી બહુ આનંદ થાય છે. **મુનિશ્રી જિનવિજયજી** એક ઉત્તમ દિશામાં પ્રવર્ત્યા છે. બીજા મુનિઓ વિવેકપૂર્વક એનું અનુકરણ કરો એ ઇચ્છવા યોગ્ય છે.

હિંદના પૂર્વોત્તર ભાગમાં આવેલા હિમાચળના શિવાલિક પર્વત ( સપાદલક્ષ પર્વત ) ની તળેટીએ આવેલ પ્રાચીન તિર્થ નગરકોટ્ટ સુશર્મપર–કાંગડા–( હાલ જે કાંગડાવેલીની "ચા" પ્રચાર પામી છે તે કાંગડા ) એવા પ્રમાણભૂત ઐતિહાસિક લેખની પ્રસિદ્ધિ પ્રાચીન જૈનના ગૌરવમાં ઓર ઉમેરો કરે છે. આશ્ચર્યની વાત છે કે હાલ નામશેષ જણાયેલાં એ પવિત્ર તિર્થની આપણને અત્યારસુધી માહિતી પણ ન હતી. હિંદમાં અને અન્યત્ર પણ પૂર્વ જૈનોની ઇર્ષ્યાપ્રદ જાહોજલાલી હતી, એ નિઃસંશય વાર્ત્તાને આવા લેખો બહુ ટેકો આપે છે. પ્રવર્તકજી **મુનિશ્રી કાંતિવિજયજી** તથા આ લેખક **શ્રીજિનવિજયજી** પ્રકાશક **શ્રી આત્માનંદ સભા**–એ બધાને આ ગૌરવાંકિત પ્રવર્તન માટે ધન્યવાદ ઘટે છે. પ્રસ્તાવના બહુજ સુંદર આલેખાઇ છે. વર્તમાન **જૈન** સાધુઓમાં શ્રીજિનવિજયજીની કલમ અને વિષય છણવાની શૈલીને અગ્રસ્થાન આપીએ તો તે ઉચીત જ છે.

મૂળ લેખકનો સંસ્કૃત લેખ ફરી ફરી વાંચીશ અને પછી યોગ્ય લખવાનું થશે તો જણાવીશ.

અહો ! મૂળ લેખકનું ગુણ બહુમાન ખરતરગચ્છીય સાધુ લેખક તપાગચ્છીય સાધુની પ્રશંસા કરતાં જે ગુણાનુરાગ–પોષકવર્ધક ઉદગારો કાઢે છે તે ખચીત વર્તમાન સંકુચિત વૃત્તિના જૈન સંઘે વિચારવા–આદરવા જેવા છે. અસ્તુ.

લી. ગુણાનુરાગી–**મનસુખલાલ વિ. કિરતચંદ**ના જયજિનેંદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

આર્કિયો લૉજીકલ સર્વે ઑફ ઇન્ડીઆ વેસ્ટર્ન સર્કલના સુપરીન્ટેન્ડેન્ટ અને ઇન્ડીયન એન્ટીકવેરી નામના પ્રખ્યાત જર્નલના સબ એડીટર શ્રીયુત ડી. આર. ભાંડારકર, મુનિમહારાજશ્રીના ઉપરના એક પત્રમાં વિજ્ઞપ્તિ ત્રિવેણી માટે જણાવે છે કે—

I am reading your विज्ञप्ति त्रिवेणी with great interest. If I find to go through completely, I intend publishing a review of it in the *Indian Antiquary*. Please, let me know whether you have any objection.

# આભાર સ્વીકાર.

| | | |
|---|---|---|
| ૧ ધર્મરત્ન પ્રકરણ સાર હીંદી | મુનિરાજશ્રી માણેકમુનિ મહારાજ | અજમેર. |
| ૨ વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ ભાગ ૨ જો | શ્રી સાહિત્ય પ્રકાશક મંડળ | જામનગર. |
| ૩ શ્રીનરભવ દ્રષ્ટાંત ઉપનયમાળા મૂળ અને ભાષાંતર | શેઠ મારાજી ફતાજી | ખીવાણદી. |
| ૪ વાઙ્ સૌન્દર્ય માસિક | કાઠીયાવાડી લેખક મંડળ | કરાંચી. |
| ૫ દિગંબર જૈન ખાસ અંક | દીગંબર જૈન ઓફીસ | સુરત. |

# ગ્રંથાવલોકન.

## શ્રીમાન્ મુનિરાજ શ્રીહંસવિજયજી મહારાજ વિરચિત્ " શ્રી હંસવિનોદ. " ( આવૃત્તિ પાંચમી. )

ઉપરનો ગ્રંથ અભિપ્રાય અર્થે અમોને ભેટ મળેલો છે. સતત્ વિહારી મુનિરાજ **શ્રીહંસવિજયજી** મહારાજ અનેક સ્થળોએ જ્યાં જ્યાં વિચર્યા હતા ત્યાં ત્યાંના જિનાલયમાં બિરાજમાન પ્રભુજીના ભક્તિ નિમિત્તે બનાવેલા અપૂર્વ રસમય સ્તવનોનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એ સ્તવનો વાંચવાથી પ્રભુભક્તિમાં ઉલ્લાસ થાય છે, તેટલુંજ નહીં પરંતુ ઉક્ત મહાત્માની કૃતિ માટે અને તે ઉપરથી તેઓ કરેલ સતત્ વિહાર માટે પણ ખ્યાલ આવેલ છે. પ્રભુભક્તિના ઉત્સુકોને અતિ ઉપયોગી ગ્રંથ છે. તેનો બહોળો ફેલાવો થયો છે તેજ તેની આ પાંચમી આવૃત્તિ છે તે ઉપરથી જણાય છે. સુંદર ટાઇપ અને કપડાનાં પાકા બાઇંડીંગ અલંકૃત કરવામાં આવેલ છે, ઉંચા કાગળો ઉપર છપાવવામાં આવેલ છે. પ્રસિદ્ધ કર્ત્તા શ્રી હંસવિજયજી જૈન લાઇબ્રેરી લુણસાવાડા—અમદાવાદ એ શરનામે લખવાથી બાર આના કિંમતથી મળી શકશે.

## સુરસુંદરી ચરિત્ર.

આ ગ્રંથ અમોને પુનાથી શ્રીમાન્ **મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજ**તરફથી ભેટ મળેલ છે. આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રીમદ્ ધનેશ્વર મુનિશ્વરની કૃતિનો છે. મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજે વિસ્તારથી પ્રસ્તાવના લખેલ છે જેમાં પ્રાકૃત ભાષાની પ્રાચિનતા સિદ્ધ કરી આપેલ છે જે ખાસ વાંચવા લાયક છે. સાથે અઘરા શબ્દો અર્થો અને પર્યાય પણ મુકવામાં આવેલ છે. આ ગ્રંથ વિવિધ સાહિત્યમાળાના પ્રથમ મણકારૂપે છે અને તે પંડિત હરગોવનદાસ ત્રીકમદાસ તરફથી પ્રકટ થયેલો છે. જે અમો ઉપકાર સાથે સ્વીકારીયે છીએ.

**બાકી હવે પછી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત્ શેઠ અમૃતલાલ પુરૂષોતમદાસનો સ્વર્ગવાસ.

ભાવનગર નિવાસી અને વેપાર અર્થે મુંબઇ રહેતા ઉક્ત શ્રીમાન્ ગૃહસ્થ શુમારે બાવન વર્ષની વયે લાંબી માંદગી ભોગવી આ માસની સુદ ૧૩ ના રોજ સવારના પાંચ વાગે મુંબઇ શહેરમાં પંચત્વ પામ્યા છે. તેઓ આ શહેરની જૈન કોમના અગ્રગણ્ય પુરૂષ હતા. સ્વભાવે સરલ, શાંત અને ધર્મચુસ્ત નર હતા. ધર્મના દરેક કાર્યોમાં તેઓ દરેક પ્રકારની સહાય આપતા એટલુંજ નહીં પરંતુ કોઇપણ જૈન વ્યક્તિ કોઇપણ ધાર્મિક કાર્ય માટે સહાય માંગવા આવતા તે દરેકને યથાશક્તિ સહાય આપતા હતા.

ખાનદાન કુટુંબમાં જન્મ લીધેલ હોવાથી ધાર્મિક વૃત્તિ જેવા ઉચ્ચ ગુણો વડિલો તરફથી વારસામાં ઉતર્યા હતા. તેટલું જ નહી પરંતુ વડિલોએ આરંભેલ, સંભાળેલ દરેક ધાર્મિક કાર્ય પૂર્ણ કરી પૂર્ણ સંભાળ છેવટ સુધી રાખી તેમાં વધારો કરેલ હતો.

ધર્મ ઉચ્ચ વૃત્તિને લીધે દેવ, ગુરૂ અને ધર્મની ભક્તિ કરનારા હોવાથી જૈન કુલ ભુષણરૂપ હતા. પોતાના સરલ, શાંત સ્વભાવને લઇને અત્રેના જૈન સમુદાયમાં સારી છાપ પડી હતી, એટલું જ નહીં પરંતુ સમુદાયના કોઇ તેવા ખેંચતાણના પ્રસંગે કોઇપણ જાતના મમત્વ કે ખેંચતાણથી દુર રહી પોતાના કાર્યમાં મશગુલ રહેતાં અને શાંતિને ઇચ્છનારા હોવાથી બને તો શાંતિ અને સુલેહ સાચવવા પ્રયત્ન કરતા હતા. જેને લઇને આ શહેરની જૈન પ્રજાને એક ખરેખર ધાર્મિક નરરત્નની ખોટ પડી છે.

શ્રીમંત અને પોતાના ધંધામાં ઘણા જ કુશળ છતાં એક સાદામાં સાદી જીંદગી ભોવગતા હતા, તેટલું જ નહીં પરંતુ યથાશક્તિ ધાર્મિક કાર્યોમાં પૈસાનો પણ સારો વ્યય કરતા હતા. ભાવનગર શહેરથી છ માઇલ દુર **વરતેજ** ગામ છે કે જ્યાંનું જીનાલય ઘણુંજ રમણીય, સુંદર અને ભવ્ય જે આવા નાના ગામમાં છે તેનું માન જેમ તેમના પિતાશ્રીને હતું તેમ તેથી વધારે ભવ્ય બનાવવાનું માન આ સ્વર્ગવાસી સદ્‌ગુણાલંકૃત ગૃહસ્થને પણ છે. તેઓની જીંદગી અનુકરણીય હતી. તેઓની જીંદગી વધારે લંબાણી હોત તો આ શહેરના જૈન સમુદાયને વધારે લાભ થાત, તેમ તેઓના શુભ કૃત્યો અને ધાર્મિક વૃત્તિ એ ચોક્કસ પુરાવો છે. સ્વર્ગવાસી શ્રીયુત્ અમૃતલાલભાઈની આ સભા ઉપર પ્રથમ લાગણી હતી, પાછળથી થતા સત્કાર્યોથી વૃદ્ધિ પામી હતી, જેથી તેઓ આ સભાના માનવંતા લાઇફ મેમ્બર થયા હતા. આવા સદ્‌ગુણાલંકૃત બંધુના સ્વર્ગવાસ થતાં આ સભાને પણ એક ખરેખર લાયક નરરત્ન સભાસદની ખોટ પડેલી હોવાથી આ સભા પોતાનો અંતઃકરણ પૂર્વક ખેદ જાહેર કરે છે. અને તેઓના સુપુત્ર મી૦ હીરાલાલને તેઓના સ્વર્ગવાસી પિતાશ્રીના પગલે ચાલી તેમનાં કરેલ ઉત્તમ કાર્યો નીભાવી તેમાં બીજા ઉત્તમ કાર્યોનો વધારો કરશે એવી સૂચના કરે છે.

ઉક્ત બંધુએ અંતઃસમયે એક સારી મોટી રકમની સખાવત કરી છે. જેની હકીકત અમોને આવ્યા બાદ પ્રકટ કરીશું. પ્રાંતે તે સ્વર્ગવાસી શાંત, ધર્મિષ્ટ અને સરલ હૃદયના પવિત્ર આત્માને અખંડ શાંતિ મળો એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१८ ला. चेतरामजी वसाखीमल अमृतसर ,,
१९ ,, बनातीमल रामरतन रोपड त्री. व. ला. मे.
૨૦ શા. સુંદરજી ગીરધરદાસ કાપડીઆ કુતીઆણા (જુનાગઢ) પે. વ. વા. મે.

---

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ "સત્તરીસય ઠાણુ સટીક" શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી
૩ "રત્નશેખરી કથા" શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા ત.
૪ "દાનપ્રદીપ" શા. મુળજી ધરમશી તથા કુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ "શ્રી મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ "ષટ્સ્થાનક પ્ર—સટીક" શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઇ માંગરોળવાળા તરફથી.
૭ "બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૮ "સુમુખાદિમિત્ર ચતૂષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી.
૯ "ચૈત્યવંદન મહાભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.
૧૧ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૨ "શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૩ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણિકૃત" બે શ્રાવિકાઓ તરફથી.
૧૪ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત ,, શા. લલુભાઇ ખુબચંદની વિધવા બાઈ મેનાબાઈ પાટણવાળા તરફથી.
૧૫ "પંચનિગ્રંથી સાવચૂરિ" ૧૬ "પર્યંત આરાધના સાવચૂરિ"
૧૭ "પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ" ૧૮ "બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ"
૧૯ "પંચસંગ્રહ" શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૦ "શ્રાધ્ધવિધિ"
૨૧ "ષડ્દર્શનસમુચ્ચય. } શેઠ જીવણભાઇ જેચંદ ગોધાવાળા તરફથી.
૨૨ "ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફથી.
૨૩ "બૃહત્ સંઘયણી શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત" એક સભા તરફથી.
૨૪ "કુમારપાળમહાકાવ્ય" શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણ ત૦
૨૫ "કુવલયમાળા" (સંસ્કૃત) આ સભા તરફથી.
૨૬ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર (મૂળ) પાટણનિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

For Private And Personal Use Only

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

( જેની છપાવવાની શરૂઆત થઇ ચૂકી છે. )

२७ प्राचिन जैन लेख संग्रह. (વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે. )

२८ विज्ञप्ति संग्रह.

२९ विजयदेव महात्म्य. (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે)

३० कृपारस कोष. ३१ करुणावज्रायुध नाटक.

३२ जैन ग्रंथ प्रशस्ति संग्रह. ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )

३३ जैन ऐतिहासिक रास संग्रह. ३४ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.

३५ शत्रुंजयोद्धार पं० विवेकधीरकृत ॥

३६ लिंगानुशासन--स्वोपज्ञ टीका. ३७ धातुपारायण.

३८ श्री नयोपदेश. ( શ્રીમદ્ યશોવિજયજી કૃત ન્યાયનો અપૂર્વ ગ્રંથ. )

३९ कल्पसूत्र कीरणावली. ( શ્રીમદ્ ધર્મસાગરજી ઉપાધ્યાયજી કૃત. )

૪૦ શ્રી સમ્યક્ત્વ કૌમુદિ ( ભાષાંતર ) વિવિધ કથાઓ સહિત, શ્રી પાછીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.

૪૧ "પરમાણું, નિગોદ અને પુદ્ગલછત્રીશિ મૂળ-ટીકા "અને ભાષાંતર" ઝવેરી ચીમનલાલ મોહનલાલ ભાઇ હેમચંદ મુંબઇ. ત૦ (ભાષાં. કર્ત્તા મુનિરાજ શ્રી દેવવિજયજી.)

૪૨ અધ્યાત્મ મત પરિક્ષા. ભાષાંતર

૪૩ શ્રી અનુયોગદ્વારસૂત્રનું સંક્ષિપ્ત રહસ્ય-ભાષાંતર. ઝવેરી ચીમનલાલ મોહનલાલ ભાઇ હેમચંદ મુંબઇ. (ભાષાંતર કર્ત્તા મુનિરાજશ્રી દેવવિજયજી)


## શ્રાવિકા

( સચિત્ર માસિક, )

શ્રાવિકા બ્હેનો સ્વધર્મ સમજી કર્તવ્યનિષ્ઠ બને, અને ગૃહસંસાર નંદનવન સમાન સુખરૂપ થઇ પડે, તેમજ બાળકોને સુરક્ષિત, સુદૃઢ તેમ સચેતન બનાવવાને કેળવાય તેવા ખાસ હેતુથી ' શ્રાવિકા ' નામનું માસિક ચિત્રો સાથે જાન્યુઆરી સને ૧૯૧૭થી બહાર પડશે. તેમાં ભરતકળા, પાકશાસ્ત્ર, ઘરવૈદું, અને તેવા સ્ત્રી ઉપયોગી વિષયો પણ સહેલી ભાષામાં ચિત્રયુક્ત લેવાશે, ભેટ પણ સ્ત્રી ઉપયોગી પ્રગટ થશે, વર્ષનું લવાજમ ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂ. ૨-૦-૦ રાખેલ છે, નામ નોંધાવવા પુરતીજ કોપી પ્રગટ થશે, માટે જલદી નામ નોંધાવો. લખો:—

જૈન પત્રની ઓફિસ-ભાવગર.